dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue- 79 | AD - 2025, Paush Sud - 02 | Monday, Dt.22-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મહારાષ્ટ્રમાં મહા વિકાસ આઘાડીએ મહાયુતિ સમક્ષ 'શરણાગતિ' સ્વીકારી, શાસક ગઠબંધનની જંગી જીત

# મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પરિણામો ૨૦૨૫ : મહાયુતિનો દબદબો

મુંબઈ,તા.૨૧

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે મત ગણતરી ચાલી રહી છે. તમામ ૨૮૮ મ્યુનિસિપલ કાઉન્સિલ બેઠકો માટે પરિણામો/વલણો જાહેર કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોના શરૂઆતી ટ્રેન્ડમાં મહાયુતિ ૧૯૨ અને ભાજપ ૧૦૭ બેઠક પર આગળ છે. જ્યારે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના ૪૮ સ્થાનિક સંસ્થાઓમાં આગળ છે. મહાવિકાસ અઘાડી હાલમાં ૪૬ સંસ્થાઓમાં આગળ છે. જેમાં ૨૮૮ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોમાંથી ૨૫૩ માં મતગણતરી ચાલી રહી છે. આ ઉપરાંત ભાજપે ત્રણ બેઠકો બિનહરીફ જીતી છે. જેમાં ડોંડાઈચા મ્યુનિસિપલ કાઉન્સિલ (ધુલે) અને અંગાર નગર પંચાયત (સોલાપુર) ના સભ્યો અને પ્રમુખો બિનહરીફ ચૂંટાયા છે. જ્યારે જામેર મ્યુનિસિપલ પ્રમુખ માટેના મતદાનમાં પણ કોઈ વિરોધ જોવા મળ્યો નથી. આ દરમિયાન સતારામાં ૧૦માંથી ૫ જીલ્લા પરિષદના પ્રમુખ પદ પર ભાજપની જીત થઈ છે. આ લખાય છે ત્યા સુધીમાં મહાવિકાસ અઘાડી હાલમાં ૪૬ સંસ્થાઓમાં આગળ છે. જેમાં ૨૮૮ મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોમાંથી ૨૫૩ માં મતગણતરી ચાલી રહી છે. ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારોમાં મહાયુતિને મતદાતાઓનો વધારે વિશ્વાસ મળ્યો હોવાનું રાજકીય વિશ્લેષકો



માની રહ્યા છે. મહારાષ્ટ્રમાં ગોંદિયા મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીના અંતિમ પરિણામોમાં, ભાજપે સૌથી વધુ ૧૭ બેઠકો જીતીને લીડ મેળવી છે, જ્યારે કોંગ્રેસે ૧૫ બેઠકો મેળવી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ પાંચ, બહુજન સમાજ પાર્ટીએ બે અને શિવસેના (યુબીટી) એ બે બેઠકો જીતી છે, જ્યારે ત્રણ બેઠકો અપક્ષ ઉમેદવારોને મળી છે. મહારાષ્ટ્ર મ્યુનિસિપલ ચૂંટણીમાં ગોંદિયા મ્યુનિસિપલ કાઉન્સિલના મેયર પદ પર કોંગ્રેસનો જંગી વિજય થયો છે. કોંગ્રેસના ઉમેદવારે ભાજપના કશિશ જયસ્વાલને ૩,૧૪૨ મતોના માર્જિનથી હરાવ્યા હતા. મહારાષ્ટ્ર મ્યુનિસિપલ ચૂંટણીના અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલના પરિણામોમાં એકનાથ શિંદે જૂથની શિવસેનાએ શાનદાર પ્રદર્શન કર્યું છે. કુલ ૫૯ કાઉન્સિલર બેઠકો ધરાવતી મ્યુનિસિપલ કાઉન્સિલમાં, શિવસેના ૨૨ બેઠકો જીતીને એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ ૧૧ બેઠકો જીતી, જ્યારે અજિત પવાર જૂથના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) એ ચાર બેઠકો જીતી. બાકીની બેઠકો અન્ય અથવા અપક્ષ ઉમેદવારોને મળી છે. આ ચૂંટણીના પરિણામોને આવનારી બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC) તેમજ અન્ય મહત્ત્વની નગરપાલિકા ચૂંટણીઓ માટે મહત્વના સંકેત તરીકે જોવામાં આવી રહ્યા છે. ખાસ કરીને મુંબઈ, પુણે અને નાગપુર જેવા મોટા શહેરોમાં થનારી ચૂંટણી પહેલાં આ પરિણામો રાજકીય માહોલ દર્શાવે છે. રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે વિકાસકાર્યો, કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ તથા સંગઠનાત્મક મજબૂતીના કારણે મહાયુતિને ફાયદો થયો છે. જોકે ચૂંટણી પંચ દ્વારા અંતિમ પરિણામો જાહેર થયા બાદ જ સંપૂર્ણ સ્થિતિ સ્પષ્ટ થશે.

## અરુણાચલમાં જાસૂસી નેટવર્કનો ખુલાસો, પાકિસ્તાન અને ચીન કનેક્શનના સંકેત

ઈટાનગર, તા.૨૧

અરુણાચલ પ્રદેશમાં જાસૂસી નેટવર્કના પર્દાફાશ બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર આવી ગઈ છે. છેલ્લા ૧૦ દિવસમાં પોલીસ દ્વારા પાકિસ્તાન સાથે સંકળાયેલા જાસૂસી નેટવર્કના ચાર શંકાસ્પદોને ઝડપી લેવામાં આવ્યા છે.

આરોપીઓ સેનાની હિલચાલ અને અન્ય સંવેદનશીલ માહિતી પાકિસ્તાની હેન્ડલર્સને મોકલતા હોવાની પ્રાથમિક તપાસમાં વિગતો સામે આવી છે. આસામના સોનિતપુર જિલ્લામાં એક નિવૃત્ત વાયુસેના અધિકારીની પણ ધરપકડ કરવામાં આવી છે. આ સાથે જ, સ્થાનિક લોકોએ લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ નજીક ચીની સેનાની વધતી હાજરી અને સંભવિત ઘૂસણખોરીની માહિતી આપી છે. સુરક્ષા નિષ્ણાતો આ પરિસ્થિતિને 'હાઈબ્રિડ વોર'ની રણનીતિ તરીકે જોઈ રહ્યા છે. રાજ્યના ગૃહમંત્રી મામા નાતુંગે જાસૂસી પ્રવૃત્તિઓમાં સામેલ તત્વો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. ચીનની સૈન્ય હિલચાલ અને એરબેઝ વિકાસ પર પણ એજન્સીઓની કડક નજર રાખવામાં આવી રહી છે.

## રક્ષા મંત્રાલયમાં પોસ્ટેડ લેફ્ટનન્ટ કર્નલ લાંચ લેતા ઝડપાયા, CBIની મોટી કાર્યવાહી

નવી દિલ્હી, તા.૨૧

રક્ષા મંત્રાલયમાં પોસ્ટ કરાયેલા આર્મીના લેફ્ટનન્ટ કર્નલ દીપક કુમાર શર્મા સામે CBIએ ભ્રષ્ટાચારના ગંભીર આરોપો સાથે કાર્યવાહી કરી છે. ઉત્પાદન વિભાગમાં ફરજ બજાવતા શર્મા પર બેંગલુરુની એક ખાનગી કંપની પાસેથી ૩ લાખ રૂપિયાની લાંચ લેવાનો આરોપ છે. CBIને ૧૯ ડિસેમ્બરે મળેલી માહિતીના આધારે આ કેસ નોંધાયો હતો. તપાસ દરમિયાન દિલ્હીમાં શર્માના નિવાસસ્થાનેથી ૨.૨૩ કરોડ રૂપિયા સહિત કુલ ૨.૩૬ કરોડ રૂપિયા રોકડ અને વાંધાજનક સામગ્રી




જપ્ત કરવામાં આવી. આ ઉપરાંત, તેમની પત્ની કર્નલ કાજલ બાલી, જે શ્રીગંગાનગર (રાજસ્થાન) ખાતે ડિવિઝન ઓર્ડનન્સ યુનિટમાં કમાન્ડિંગ ઓફિસર છે, તેમના ઘરમાંથી પણ ૧૦ લાખ રૂપિયા રોકડ મળ્યા છે. CBI અનુસાર, શર્મા અને તેમની પત્ની ખાનગી સંરક્ષણ કંપનીઓ સાથે મળીને ગેરકાયદેસર રીતે સરકારી લાભ અપાવતા હતા. આ કાવતરામાં વચેટિયા વિનોદ કુમારની પણ ધરપકડ કરવામાં આવી છે. બેંગલુરુ, દિલ્હી, શ્રીગંગાનગર અને જમ્મુ સહિત અનેક સ્થળોએ તલાશી લેવામાં આવી હતી.







## 'જી રામ જી' બિલને રાષ્ટ્રપતિની મંજૂરી, ગાંધીજીની ફરી વખત હત્યા થઈ : ચિદમ્બરમ

ન્યુ દિલ્હી, તા.૨૧

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ગેરંટી બિલ, ૨૦૨૫ (VB-G-RAM-G) ને મંજૂરી આપી દીધી છે. હવે તે કાયદો બની ગયો છે. નવો કાયદો ૨૦ વર્ષ જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA) નું સ્થાન લેશે. આ દરમિયાન, કોંગ્રેસ નેતા પી. ચિદમ્બરમે રવિવારે કહ્યું કે મનરેગા (MGNREGA) માંથી મહાત્મા ગાંધીનું નામ હટાવવું એ તેમની ફરીથી હત્યા કરવા જેવું છે. ગાંધીજીને એકવાર ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના



રોજ મારવામાં આવ્યા હતા. હવે તેમને ફરીથી મારવામાં આવી રહ્યા છે. ચિદમ્બરમે કહ્યું કે તમે (કેન્દ્ર સરકાર) ગાંધી અને નહેરુને સત્તાવાર રેકોર્ડમાંથી ભૂંસી નાખવાનો પ્રયાસ કરી રહ્યા છો, પરંતુ તેઓ ભારતીય લોકોના મનમાં વસેલા છે, જેમ કે બુદ્ધ કે ઈસુ. કોઈપણ સરકારી આદેશ તેમને ભૂંસી શકતો નથી.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૨-૧૨-૨૦૨૫

# ચલાલા નગરપાલિકાની રાજકીય ગૂંચવણ યથાવત, ૨૪ ડિસેમ્બરે અવિશ્વાસ બેઠક

**ઉપપ્રમુખે પણ પ્રમુખનો સાથ છોડતા અસંતુષ્ટ જૂથનું સંખ્યાબળ ૨૨ થયું**

ચલાલા, તા.૨૧

ચલાલા નગરપાલિકામાં લાંબા સમયથી ચાલતી રાજકીય ગૂંચવણ હજુ યથાવત છે. જિલ્લા તંત્ર દ્વારા ૨૪ ડિસેમ્બરે સામાન્ય સભા બોલાવવામાં આવતા ફરી નગરપાલિકાનું રાજકારણ ગરમાયું છે. ૧૬ ડિસેમ્બર ૨૦૨૪ની ચૂંટણીમાં ભાજપે ૨૪માંથી ૨૪ બેઠકો જીતી હોવા છતાં આંતરિક અસંતોષના કારણે શાસન અસ્થિર બન્યું છે. પ્રમુખ નયનાબેન વાળા અને ઉપપ્રમુખ પ્રવીણભાઈ માલવિયા સામે ૨૦ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી હતી. બાદમાં સમર્થનમાં ફેરફાર થતાં હાલ પ્રમુખ પાસે માત્ર બે સભ્યોનું સંખ્યાબળ રહ્યું છે, જ્યારે અસંતુષ્ટ જૂથ ૨૨ સુધી પહોંચ્યું છે. ૨૪ ડિસેમ્બરની બેઠકમાં અવિશ્વાસ પસાર થશે કે રાજકીય સમાધાન થશે, તે અંગે શહેરમાં ભારે ચર્ચા અને ઉત્સુકતા જોવા મળી રહી છે.

**૧૭ કરોડની ગ્રાન્ટ વણવપરાયેલી રહી**

છેલ્લા ત્રણ વર્ષથી (બે વર્ષ વહીવટદાર શાસન અને એક વર્ષ આંતરિક વિખવાદ) ચલાલા શહેરના વિકાસના કામો ઠપ્પ થઈ ગયા છે. અંદાજિત ૧૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ વણવપરાયેલી પડી છે અને રસ્તાઓ બિસ્માર હાલતમાં છે. શહેરીજનોમાં આ રાજકીય ખેંચતાણ સામે ભારે નારાજગી છે અને તેઓ ઈચ્છી રહ્યા છે કે વહેલી તકે આ વિવાદનો અંત આવે જેથી પ્રાથમિક સુવિધાઓ અને વિકાસના કામોને વેગ મળી શકે. ૨૪ ડિસેમ્બરની સભામાં અવિશ્વાસની દરખાસ્ત પસાર થશે કે નવો રાજકીય વળાંક આવશે, તે જોવું રસપ્રદ રહેશે.

# દલખાણીયા ૧૦૮ ટીમની પ્રશંસનીય કામગીરી : વૃદ્ધનો જીવ બચાવી રોકડ અને મોબાઈલ પરત કર્યા

ધારી, તા.૨૧



ધારી તાલુકાના દલખાણીયા ખાતે ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમે માનવતા અને પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દલખાણીયાથી અમદાવાદ જઈ રહેલા ૭૦ વર્ષીય વૃદ્ધ મુસાફર અચાનક બસમાં બેભાન થઈ જતા બસચાલકે તરત ૧૦૮ને જાણ કરી હતી. EMT વિશાલ પડસાલા અને પાયલોટ ભાવેશભાઈ ગીડા માત્ર ૬ મિનિટમાં ઘટના સ્થળે પહોંચ્યા હતા. તપાસમાં વૃદ્ધના હૃદયના ધબકારા બંધ હોવાનું જણાતા ટીમે તાત્કાલિક CPR અને BVM દ્વારા શ્વાસ પ્રક્રિયા શરૂ કરી હતી. અમદાવાદ હેડ ઓફિસના માર્ગદર્શન અને ડૉ. વિપુલની સૂચનાથી ઈન્જેક્શન તથા ઓક્સિજન આપી વૃદ્ધને ધારી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેમની પાસેથી મળેલા રૂ.૨૦,૦૦૦ રોકડ અને રૂ.૧૦,૦૦૦ના મોબાઈલને ટીમે સગાઓને સુરક્ષિત પરત કરી પ્રામાણિકતાનું ઉદાહરણ આપ્યું, જેને પરિવારે દિલથી બિરદાવ્યું હતું.

**અમરેલી જિલ્લામાં પરિણીતાઓ પર ત્રાસ યથાવત રહેવા પામ્યો**

# રાજુલાના છતડીયા ગામે સંપત્તિમાં ભાગ નહી મળે કહી પરિણીતાને માર માર્યો

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લામાં પરિણીતાઓ પર ત્રાસ યથાવત રહેવા પામ્યો છે. જેમાં રાજુલા તાલુકાના છતડીયા ગામે રહેતી એક પરિણીતાને પતિ સહિત સાસરિયાઓએ સંપત્તિમાં ભાગ નહી મળે તેવું કહી હોકી વડે ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પરિણીતાએ પતિ સહિત સાસરિયાઓ સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. રાજુલા તાલુકાના છતડીયા ગામે રહેતી પરિણીતા ઉમાબેન કનુભાઈ ખુમાણે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, ગત તા.૧૯ના રોજ છતડીયા ગામે પોતાના ઘરે હતી ત્યારે આરોપી બદરૂભાઈ ઓઘડભાઈ ખુમાણ રહેણાંક મકાન પર આવી તને અમારી સંપત્તિમાં ભાગ જોઈએ છે? તેમ કહી ભાગ કે પૈસા કંઈ જ આપવા નથી અને પૈસા માંગીશ નહી તેમ કહીને ગાળો આપી હતી. ઉમાબેને ગાળો બોલવાની ના પાડતા બદરૂભાઈએ હોકીનો એક ઘા ઉમાબેનના માથામાં માર્યો હતો તેમજ હાથની આંગણીઓમાં પણ હોકીના ઘા માર્યા હતા. જયારે ઉમાબેનના પતિ કનુભાઈએ તને ભગાડી દેવી છે અને મારી નાખવી છે તેમ કહી ગાળો આપી હતી તેમજ ઉમાબેને મંસાબેન પ્રતાપભાઈની દીકરીના લગ્નમાં ઘરેણા આપ્યા હોય અને રોકડ રકમ આપી હોય જેથી ઉમાબેન તે ઘરેણા અને રોકડ રકમની ઉઘરાણી ન કરે તે માટે મંસાબેન દ્વારા ઉમાબેન વિરૂધ્ધ ચડામણી કરવામાં આવતી હોય જેથી ઉમાબેને પતિ કનુભાઈ, બદરૂભાઈ અને મંસાબેન વિરૂધ્ધ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ છે.

**લીલીયામાં પણ પરિણીતાને સાસરિયાઓએ માર માર્યાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ**

જયારે બીજા બનાવમાં લીલીયા મોટામાં રહેતા સુજાનબેન નદિમભાઈ કોરેજાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેમના પતિ નદીમ વારંવાર સુજાનબેનને ઘરકામની બાબતમાં મેણાટોણા મારી ગાળો આપતો હોય અને ઢીકાપાટુનો માર મારતો હોય તેમજ સાસરિયાઓ સોફિયાબેન આમદભાઈ, આમદભાઈ ફતેહમહંમદ, હારૂનભાઈ ફતેહમહંમદ રહે. તમામ લીલીયાવાળા એકસંપ થઈ સુજાનબેનને મારી નાખવાની ધમકી આપતા હોય જેથી સુજાનબેને ચાર લોકો સામે લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી નગરપાલિકાની સઘન સફાઈ ઝુંબેશ : ફિલ્ડ વિઝીટ સાથે દંડની કાર્યવાહી

અમરેલી, તા.૨૧

રાજ્ય સરકારની સૂચનાના અનુસંધાને અમરેલી નગરપાલિકા દ્વારા આજે સફાઈ વ્યવસ્થાને વધુ સઘન બનાવવા કવાયત હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકાના ચીફ ઓફિસર રાઠોડ દ્વારા નગરપાલિકા વિસ્તારમાં ફિલ્ડ વિઝીટ કરી સફાઈ કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જરૂરી માર્ગદર્શન અપાયું હતું. આ ઝુંબેશ દરમિયાન સફાઈના નિયમોનો ભંગ કરનારાઓ વિરુદ્ધ દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. જાહેરમાં કચરો ફેંકનાર, જાહેરમાં થૂંકનાર તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનું વેચાણ કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરતાં કુલ ૩૦ કેસમાં રૂ. ૧,૭૫૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. નગરપાલિકા તંત્ર દ્વારા શહેરને સ્વચ્છ, સ્વસ્થ અને પ્લાસ્ટિકમુક્ત બનાવવા માટે સતત પ્રયાસો ચાલુ છે. તંત્રએ નાગરિકોને સ્વચ્છતા જાળવવામાં સક્રિય સહકાર આપવા માટે અપીલ કરી છે.

# સાવરકુંડલા ખાતે 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' નિમિત્તે ચિત્ર અને નિબંધ સ્પર્ધાનું આયોજન

સાવરકુંડલા,તા.૨૧



ગ્રાહક સુરક્ષા મંડળ, સાવરકુંડલા દ્વારા હાલમાં 'ગ્રાહક સુરક્ષા સપ્તાહ' ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના ભાગરૂપે તેમજ ૨૪ ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન' ના અવસરને ધ્યાનમાં રાખીને શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા કે.કે. હાઈસ્કૂલ, સાવરકુંડલાની કન્ઝ્યુમર ક્લબ દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રાહકોમાં જાગૃતિ આવે અને વિદ્યાર્થીઓ પોતાના અધિકારો પ્રત્યે સભાન બને તેવા ઉમદા હેતુથી શાળામાં ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધા શાળાના પ્રાર્થનાખંડમાં યોજવામાં આવી હતી. આ બંને સ્પર્ધાઓમાં મળીને શાળાના કુલ ૫૩ જેટલા ઉત્સાહી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મક શક્તિ અને ગ્રાહક સુરક્ષા અંગેના વિચારો પ્રદર્શિત કર્યા હતા. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં ગ્રાહક તરીકેના હકો અને ફરજો અંગે નવી ચેતનાનો સંચાર થયો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય ચેતનભાઈ ગુજરીયાના યોગ્ય માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# શેલણા ગામે ધારાસભ્ય મહેશ કસવાલાના હસ્તે ૧.૩૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

સાવરકુંડલા,તા.૨૧



સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે ગ્રામ વિકાસને નવી દિશા આપતા કુલ ૧.૩૦ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યો થકી ગામની માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થવાનો છે, જેનાથી શેલણા ગામ એક આદર્શ ગામ તરફ પ્રયાણ કરશે. આ પ્રસંગે ૮૦ લાખના ખર્ચે આઈકોનિક રોડ, ૩૦ લાખના ખર્ચે તળાવના વિકાસ કાર્ય તેમજ ૨૦ લાખના ખર્ચે ગ્રામ પંચાયતના જુદા જુદા કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘાપીપળીયા શાળાના શિક્ષિકા કાજલબેન પાનસુરીયાનું સુરત ખાતે સન્માન કરાશે

કુંકાવાવ, તા.૨૧



કુંકાવાવ તાલુકાની મેઘાપીપળીયા પે. સે. શાળામાં કાર્યરત શિક્ષિકા કાજલબેન પાનસુરીયાને ઉત્કર્ષ કેળવણી ટ્રસ્ટ, સુરત દ્વારા પ્રતિભાવંત વિદ્યાસેવી શિક્ષિકા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ધોરણ ૧–૨ના પ્રજ્ઞા પ્રોજેક્ટમાં તેમના ઉમદા કાર્ય બદલ આ સન્માન મળશે. તારીખ ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સુરત ખાતે સન્માન કાર્યક્રમ યોજાશે. અગાઉ પણ કાજલબેનને અમરભાઈ વિશિષ્ટ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિદ્ધિ બદલ આચાર્ય, શાળા સ્ટાફ અને ઉદયભાઈ દેસાઈ સહિત શિક્ષણજગત દ્વારા તેમને અભિનંદન પાઠવાયા છે.

# લીલીયા મોટાની શ્રી ગ્રામ્ય લક્ષ્મી મંડળી દ્વારા સ્વર્ગસ્થ સભાસદના વારસદારને મૃત્યુ સહાયનો ૫૦,૦૦૦ રૂપિયાનો ચેક અર્પણ

લીલીયા, તા.૨૧



લીલીયા મોટા ખાતે કાર્યરત શ્રી ગ્રામ્ય લક્ષ્મી અને ધિરાણ કરનારી સહકારી મંડળી લિમિટેડ દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે. મંડળીના સભાસદ ફિરોજભાઈ અકબરભાઈ પઠાણનું દુ:ખદ અવસાન થતા, મંડળીના નિયમાનુસાર તેમના વારસદારને આર્થિક સહાય પૂરી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સભાસદ વેલ્ફેર ફંડ એટલે કે સભાસદ મૃત્યુ સહાય પેટે કુલ ૫૦ હજાર રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી હતી. આ સહાયનો ચેક અર્પણ કરવા માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મંડળીના ચેરમેન હિતેશભાઈ જે. કારીયા, એમ. ડી. દિનેશભાઈ એચ. ભટ્ટ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યો રસિકભાઈ વંડ્રા, વાલજીભાઈ માંડણકા અને જયેશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ મહાનુભાવોના વરદ હસ્તે અને સ્થાનિક વેપારી અગ્રણીઓની પ્રત્યક્ષ હાજરીમાં વારસદારને ચેક સોંપવામાં આવ્યો હતો.







**મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા**

**-:રૂબરૂ સુનવણી નોટીસ:-**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૭૫/૨૦૨૫ — તા.૦૩/૧૨/૨૯૨૫

**અરજદારશ્રી:-** શ્રી ચંદુભાઈ અરજણભાઈ સોરઠીયા, રહે. સનાળા, તા.વડીયા, જી.અમરેલી
મો.- ૯૧૦૬૯ ૩૧૨૬૨

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** ૧. તલાટી કમ મંત્રીશ્રી સનાળા, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનવણી નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી ચંદુભાઈ અરજણભાઈ સોરઠીયાએ તેમના માતાશ્રી ચંપાબેન અરજણભાઈ સોરઠીયાનું અવસાન તા.૦૧/૧૦/૨૦૧૧ના રોજ મુ.સનાળા, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજૂ કરવાના હોય. અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

નોંધ :- (૧) વર્ષ:-૨૦૨૦ થી ૨૦૨૨ સુધીનુ રેકર્ડ રજૂ કરવું

કોર્ટનો સિક્કો

સહી,
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ
વડીયા



રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિત અગ્રણીઓની હાજરીમાં

# ચાડીયા-લાપાળીયા રોડ પર રૂા.૨.૭૦ કરોડના ખર્ચે પુલો પર સ્લેબ ડ્રેઈન કામનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૧

અમરેલી તાલુકાના ચાડીયા–લાપાળીયા રોડ પર રૂ. ૨.૭૦ કરોડના ખર્ચે વિવિધ પુલો પર સ્લેબ ડ્રેઈન કામનું ખાતમુહૂર્ત રાજ્યના ઉર્જા તથા કાયદો-ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. આ ૧૬ કિલોમીટર લાંબા માર્ગ પર આવેલા તમામ પુલો પર કુલ ૦૪ સ્લેબ ડ્રેઈન તથા ૧૧ પાઈપ ડ્રેઈનનું નિર્માણ કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થતાં ચોમાસામાં પાણી ઓવરટોપીંગ થવાથી માર્ગ બંધ થવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે અને વાહન વ્યવહાર સરળ અને સુરક્ષિત બનશે. આ પ્રસંગે રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, "આગામી સમયમાં અમરેલી વિધાનસભા વિસ્તારના એકપણ ગામમાં વરસાદના કારણે રોડ બંધ ન થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. ચોમાસામાં ખાન ખીજડીયા વિસ્તારમાં વરસાદી પાણીમાં તણાઈ જવાથી થયેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને ધ્યાનમાં લઈ સમગ્ર અમરેલી વિધાનસભા વિસ્તારમાં આવા સંવેદનશીલ સ્થળોનો સર્વે



કરાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. જેના પરિણામે સમગ્ર અમરેલી જિલ્લા તેમજ રાજ્યભરમાં આવા વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. રાજ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે અમરેલીના વિકાસ માટે હંમેશા ઉદાર હાથે વિકાસકાર્યો મંજૂર કર્યા છે. અમરેલી શહેરને ફરતો નવો રાધેશ્યામ બાયપાસ રૂ. ૨૭૨ કરોડના ખર્ચે બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ બાદ રાજ્ય સરકારે રૂ. ૧૦,૦૦૦ કરોડનું રાહત પેકેજ તથા રૂ. ૧૫,૦૦૦ કરોડની ટેકાના ભાવે ખરીદી શરૂ કરી છે. જેમાંથી અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં આશરે રૂ. ૫૭૫ કરોડ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય શંભુભાઈ મહિડા, તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, સભ્ય આશિષભાઈ, સાજિયાવદરના સરપંચ હરેશભાઈ ધાધલ, સરંભડા, બાબાપુર સહિત આસપાસના ગામોના સરપંચો તથા ગામના અગ્રણી સાવલિયા, જયસુખભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીની જી.એન. દામાણી હાઈસ્કૂલ ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પ યોજાયો

ધારી,તા.૨૧

ધારી તાલુકા આર.બી.એસ.કે. ટીમના ડો.વરૂણ દેવમુરારી, ડો.ફેની ચંદારાણા, ફાર્માસિસ્ટ અભિષેક જાની, એફ.એચ.ડબલ્યુ અવનીબેન ટીલાવત તેમજ ઓપથેલ્મીક આસિસ્ટન્ટ ચિંતન ચૌધરી દ્વારા શાળાનાં પ્રિન્સિપાલ માનસિંહ બારડના સહયોગથી જી.એન. દામાણી હાઈસ્કૂલ-ધારી ખાતે નેત્ર ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં શાળાના તમામ બાળકોને આંખની તપાસ / ચશ્માંના નંબરની તપાસ કરવામાં આવી હતી તેમજ જેમને આંખના નંબર હોય તે તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચશ્મા આપવામાં આવશે.

# આજે શાંતાબા ગજેરા કેમ્પસ-વિદ્યાસભા અમરેલીમાં 'વડીલ વંદના' અને 'વિજય ભવ' કાર્યક્રમ

અમરેલી, તા.૨૧

આજના ઝડપી યુગમાં જ્યાં ટેક્નોલોજી આગળ વધી છે, ત્યાં સંવેદના, સંસ્કાર અને પરિવારના મૂલ્યો ધીમે ધીમે પાછળ રહી જતા અનુભવાય છે. આવા સમયમાં બાળકોના જીવનમાં માતા-પિતા, દાદા-દાદી અને વડીલોના આશીર્વાદનું મહત્વ ફરી ઉજાગર કરવા અમરેલી સ્થિત શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ – વિદ્યાસભા દ્વારા એક અનોખો અને હૃદયસ્પર્શી પ્રયાસ હાથ



ધરવામાં આવ્યો છે. ૨૨ ડિસેમ્બર, સોમવારના રોજ કેમ્પસ ખાતે સવારે ૮:૦૦ વાગ્યે "વડીલ વંદના" કાર્યક્રમ તથા સાંજે ૪:૦૦ વાગ્યે ધોરણ ૯ થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે કાર્યક્રમનું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. આ પ્રસંગે પ્રખ્યાત મોટિવેશનલ સ્પીકર મનીષભાઈ વઘાસિયા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જગાવશે અને વાલીઓને સંતાનો સાથે લાગણીપૂર્વક જોડાવાની નવી દિશા આપશે. તેમનું વક્તવ્ય માત્ર સાંભળવાનું નહીં, પરંતુ પ્રેરણાત્મક અનુભવ બની રહેશે તેવું આયોજક કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી અને ચતુરભાઈ ખુંટે જણાવ્યું હતું. આ મહત્ત્વના આયોજનમાં ધોરણ ૧થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ, વાલીઓ અને વડીલો મળી અંદાજે ૬થી ૭ હજાર જેટલા લોકો ઉપસ્થિત રહેશે. સમગ્ર વિદ્યાસભાનો સ્ટાફ પરિવારભાવથી એકજૂટ થઈ આ કાર્યક્રમને સ્મરણીય બનાવવા માટે સંસ્થાના તમામ સુપરવાઈઝર તેમજ ટીચિંગ-નોન ટીચિંગ સ્ટાફ દિવસ-રાત જહેમત ઉઠાવી રહ્યો છે. આ કાર્યક્રમના પ્રેરણાસ્રોત સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને સહપરિવાર ઉપસ્થિત રહી સંસ્કારની આ દીપ જ્યોત વધુ તેજસ્વી બનાવવાની અપીલ કરવામાં આવી છે.

# સાવરકુંડલાની નર્સિંગ કોલેજ ખાતે ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજાયો

સાવરકુંડલા,તા.૨૧

સાવરકુંડલા શહેરમાં ગ્રાહક સુરક્ષા સપ્તાહ અંતર્ગત સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા નર્સિંગ કોલેજ ખાતે ગ્રાહક જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે ગ્રાહક સુરક્ષા મંડળના બિપીનભાઈ પાંધીએ ગ્રાહકના અધિકારો ક્યા ક્યા છે અને ગ્રાહક સુરક્ષાની આવશ્યકતા શા માટે પડી તે અંગે સમજૂતી આપી હતી. વધુમાં તેમણે આજના ડિજિટલ યુગમાં સાયબર ફ્રોડથી બચવા કેવી તકેદારી રાખવી તેવા જરૂરી મુદ્દાઓ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં ગ્રાહક




સુરક્ષા મંડળના પ્રમુખ રમેશભાઈ હીરાણી દ્વારા ગ્રાહક સુરક્ષા કાયદાની વિશદ સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત સાવરકુંડલા તાલુકા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પણ કોલેજની વિદ્યાર્થિનીઓને તેને સ્પર્શતા વિવિધ કાયદાકીય મુદ્દાઓ વિશે માહિતગાર કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ તમામ વક્તાઓને ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા અને સ્વયંશિસ્ત જાળવી હતી. કોલેજ સ્ટાફ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થીઓને ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા જાગૃતિ ફેલાવવા માટે પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વડીયાની મોંધીબા પ્રાથમિક શાળામાં વીજ સલામતી અને બચત અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

વડીયા,તા.૨૧

વડીયા મોંધીબા પ્રાથમિક શાળામાં વીજ સલામતી અને વીજ બચત અંગે વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વીજ સલામતી સપ્તાહ અંતર્ગત યોજાયો હતો, જેમાં વડીયા પી.જી.વી.સી.એલ. ના નાયબ ઈજનેર એન.આર. પટેલ, જુનિયર ઈજનેર બોરડ



તેમજ નાયબ હિસાબી અધિક્ષક આર.આર. તળાવીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વીજળીનો સુરક્ષિત ઉપયોગ, ઘરમાં તથા જાહેર સ્થળોએ વીજ સલામતી કેવી રીતે જાળવવી તેમજ અનાવશ્યક વીજ વપરાશ કેવી રીતે ઘટાડવો તે બાબતે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહેમાનો દ્વારા "વીજ બચત એટલે ભવિષ્યની સલામતી" અને "વીજ સલામતી એટલે જીવનની સલામતી" જેવા અસરકારક નારા આપી વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

# અમરેલી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ખાતે તા. ૫ જાન્યુઆરીના રોજ એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૨૧

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, લાઠી રોડ, એસ.ટી.ડિવિઝન પાછળ, સરસ્વતી સ્કૂલ સામે, અમરેલી કચેરી ખાતે તા.૦૫.૦૧.૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યે એપ્રેન્ટિસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસ કર્યો હોય તેવા સિવિલ ઈજનેર ભાગ લઈ શકશે. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ NATS/SKILL INDIA/ MSDE/MHRD પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે સિવિલ ઈજનેર અભ્યાસક્રમમાં ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ થયાના વધુમાં વધુ ૨ વર્ષ સુધીનો સમયગાળો (વર્ષ-૨૦૨૩, વર્ષ-૨૦૨૪, વર્ષ-૨૦૨૫માં પાસ થયા હોય તે ઉમેદવારોએ જ અરજી કરવી) થયો હોય તેવા ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકશે. કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ ૧ અમરેલીની કચેરી તેમજ તેના નિયંત્રણ હેઠળની પેટા વિભાગીય કચેરીઓ જેવી કે, અમરેલી, ધારી, રાજુલા, બાબરા, લીલીયા, સાવરકુંડલા માટે એપ્રેન્ટિસ તરીકે તાલીમાર્થી માટે આ ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે તેમ કાર્યપાલક ઈજનેર પી.જી. મકવાણાની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરલી-મટકાનો જુગાર રમાડતા ત્રણ ઝડપાયા

**પોલીસે ત્રણ આરોપીઓને ઝડપી રૂા.૨૨૦૦નો મુદ્દામાલ ઝડપ્યો**

અમરેલી,તા.૨૧

રાજુલા તાલુકાના ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વરલી મટકાનો જુગાર રમાડતા ત્રણ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. ડુંગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વરલી મટકાનો જુગાર રમાતો હોવાની ડુંગર પોલીસને બાતમી મળી હતી જેથી ડુંગર પોલીસ દ્વારા બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા રેઈડ સ્થળેથી બુધાભાઈ બાલાભાઈ બલદાણીયા, ફિરોઝ ઉસ્માન ગાહા અને જાવેદ રજાક ગાહા રહે. વિકટરવાળાને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી આંક ફરકના વરલી મટકાનો જુગાર, ડાયરી, બોલપેન, આંકડા લખેલી ચિઠ્ઠી તેમજ રૂા.૨૨૦૦ રોકડા કબજે કર્યા હતા. પોલીસે રેઈડ કરતા જાવેદ રજાક ગાહા નાસી છુટ્યો હતો. પોલીસે ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલીમાં શાકભાજી વિક્રેતાની બાઈક ચોરાઈ

અમરેલી, તા.૨૧

અમરેલીમાં એક શાકભાજી વિક્રેતાની બાઈક ચોરાઈ હતી. હિરેનભાઈ હરેશભાઈ તલસાણીયા (ઉ.વ.૨૨)એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, બે દિવસ પહેલા તેમના ઘર પાસે પાર્ક કરેલી રૂ. ૪૦ હજારની બાઈકની ઉઠાંતરી કરી અજાણ્યો ઈસમ નાસી છૂટ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીંગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફક્ત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# દેવભૂમિ દેવળીયામાં પાકા રસ્તાની સુવિધાઓ આપવા સરપંચ દ્વારા મંત્રી કૌશિક વેકરીયાને રજૂઆત

**તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ લાવવા માંગ કરી**

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના દેવભૂમિ દેવળીયાનાં સરપંચ ભાવનાબેન નાથાલાલ સુખડીયાએ ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખીને ગ્રામ પંચાયત એરીયામાં બિનખેતી થયા વિનાના વિસ્તારોમાં પાકા રસ્તાની સુવિધાઓ આપવા માગણી કરી છે. તેમણે જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયત વિસ્તારમાં બિનખેતી થયા વિના અને આકારણીમાં નોંધાયેલ બાંધકામ, સોસાયટીઓમાં પાકા રસ્તાની સુવિધાઓ આપવા અંગે તાલુકા-જિલ્લા કક્ષાએ વખતો-વખત રજૂઆતો કરવા છતાં યોગ્ય નિરાકરણ આવ્યું નથી. જેના કારણે આવા વિસ્તારોના લોકોને



પીવાના પાણીની લાઈનો, ગટર લાઈનો અને પાકા રસ્તાઓની સુવિધા અમો આપી શકતા નથી. ખરેખર આવા તમામ બાંધકામો જે કે બિનખેતી થયા વિના ગ્રામ્ય વિસ્તારોમાં સોસાયટી બંધાયેલ છે. તે ૨૦ થી ૨૫ વર્ષથી નિયમ મુજબ પંચાયતને વેરો ભરતા રહેલ હોય આવા વિસ્તારોને સરકારે નિર્ણય કરી બાંધકામ રેગ્યુલાઈઝ કરી રોડ રસ્તાની સુવિધાઓ આપવા માટે સત્વરે સરકારે નિર્ણય કરી અમોને આવા આઈસોલેટડે એરીયાને ભૌતિક સુવિધાઓ આપવા સત્વરે કાર્યવાહી કરવી જોઈએ.

**જમવાના પૈસાના હિસાબ પેટે લેવાના પૈસા માંગતા**

# વડીયાના બાવીશી બરવાળા ગામે આધેડને લાફા ઝીંકી મારી નાખવાની ધમકી

અમરેલી,તા.૨૧

વડીયા તાલુકાના બાવીશી બરવાળા ગામે બે વર્ષ પહેલા ગીરધરભાઈ બાલુભાઈ બાવીશી સાથે ઉમેદભાઈ દેવકુભાઈ જેબલીયા બંને સાથે રહેતા હોય તેથી ગીરધરભાઈએ જમવાના પૈસા લીધેલ ન હોય પરંતુ ઉમેદભાઈએ વોશિંગ મશીન અને ઘરવખરી લઈ દીધેલ હોય જેથી તેનો હિસાબ માંગતા ફરિયાદી ગીરધરભાઈએ બે વર્ષના પૈસાનો હિસાબ માંગતા ઉમેદભાઈએ ગાડી તેના ઘરે મૂકી દીધા બાદ જયારે પૈસા માંગુ ત્યારે ગાડી આપજો એમ કહી પૈસા આપ્યા વગર ગાડી માંગી લાફા ઝીંકી દેતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બરવાળા બાવીશી ગામે રહેતા ગીરધરભાઈ બાલુભાઈ બાવીશીએ વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, અમરેલીના ટીંબલા ગામે રહેતા ઉમેદભાઈ દેવકુભાઈ જેબલીયા બે વર્ષની તેમના ઘરે જમતા હતા તો ઉમેદભાઈએ ગીરધરભાઈને વોશિંગ મશીન અને ઘરવખરી લઈ દીધેલ હતી જે બાદ ઉમેદભાઈ વોશિંગ મશીન અને ઘરવખરીના પૈસા માંગતા ગીરધરભાઈએ બે વર્ષના જમવાના પૈસાનો હિસાબ કરતા ઉમેદભાઈ પાસેથી રૂા.૬૫૦૦૦ લેણા નીકળતા હોવાથી ઉમેદભાઈએ પોતાની કાર ગીરધરભાઈને આપી હું પૈસા આપી જાવ પછી કાર પાછી આપજો તેમ કહ્યું હતું. જેથી ગીરધરભાઈ મોટી કુંકાવાવ ગામે હીરા ઘસવાનું કામ કરતા હોય ત્યારે ઉમેદભાઈએ ત્યાં જઈ લાવ મારી કાર કેમ પાછી આપતો નથી તેમ કહી ગીરધરભાઈને ચાર-પાંચ લાફા ઝીંકી દેતા ગીરધરભાઈએ ઉમેદભાઈ જેબલીયા સામે વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# લાઠીના અકાળા ગામે સગીરાએ ઝેરી દવા પી લેતા મોત

**સગીરાના પિતાએ લાઠી પોલીસમાં જાણ કરી**

અમરેલી,તા.૨૧

લાઠી તાલુકાના અકાળા ગામે મજૂરીકામ કરતા એક શ્રમિક પરિવારની પુત્રીએ ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન તેમનું મોત થયુ હતું. લાઠીના અકાળા ગામે રહેતા ડુંગરભાઈ વસ્તાભાઈ વસુનિયા જે જગદીશભાઈ ધીરૂભાઈ રાખોલીયાની વાડીએ મજૂરીકામ કરે છે તેની ૧૬ વર્ષીય દીકરીએ અગમ્ય કારણોસર પોતાની મેળે મોનોકોટો ઝેરી દવા પી જતા સગીરાને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. જયાં સારવાર દરમિયાન સગીરાનું મોત નિપજ્યુ હતું. આ ઘટનાની જાણ સગીરાના પિતાએ લાઠી પોલીસને કરતા આ ઘટના અંગે લાઠી પોલીસે તપાસ શરૂ કરી છે.

# સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિરમાં શૈક્ષણિક વાર્તાલાપ યોજાયો

સાવરકુંડલા,તા.૨૧

રાજ્યના જાણીતા શિક્ષણ અને કોલમ લેખક રાજ્ય અધ્યાપન મંદિરના અધ્યાપક સંઘના પૂર્વ પ્રમુખ અને માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર અડાલજના અધ્યાપક તરીકે સેવા બજાવી નિવૃત્ત થયેલા મહેન્દ્રભાઈ જે. પરમાર તેમજ અધ્યાપન મંદિરનાં નિવૃત્ત આચાર્ય તથા અધ્યાપન મંદિરના આચાર્ય સંઘના પૂર્વ પ્રમુખ બાબુભાઈ લાઠીયાએ સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિરની પ્રશિક્ષણાર્થી બહેનો સમક્ષ 'સ્પર્ધાત્મક પરીક્ષાઓ' વિષય પર વાર્તાલાપ યોજી અને



માર્ગદર્શન આપ્યું હતું. આ બંને નિવૃત્ત આચાર્યોએ તાલીમાર્થી બહેનોને અનેક ઉદાહરણો, દ્રષ્ટાંતો અને પોતાના અનુભવની વાતો કરી દીશાસૂચન કર્યા હતા. આ સમગ્ર સેશન ખૂબ જ રસપ્રદ રહ્યું હતું. જેનાથી પ્રશિક્ષણાર્થી બહેનો ખૂબ જ પ્રોત્સાહિત થઈ હતી. તેઓએ વિષયવસ્તુના ઊંડાણને સમજીને અધ્યયન કરવા પર ભાર મૂક્યો હતો. તેમની સાથે પધારેલ સ્વદેશી અને સ્વાવલંબન ચળવળ અભિયાન ચલાવતા શિક્ષક સિતારામભાઈએ પોતાનાં અભિયાન અંતર્ગત વાત કરી સ્વદેશીની હિમાયત કરી હતી.

# એસ.ટી.બસના ડ્રાઈવરને ગાળો આપી ફરજમાં રૂકાવટ કરી

અમરેલી,તા.૨૧

અમરેલી ગામે રહેતા અને એસ.ટી.બસના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા સતિષ મુળજીભાઈ માધડે ગોપાલગ્રામના એક ઈસમ સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાવી છે. એસ.ટી.બસના ચાલક સતિષ મુળજીભાઈ માધડ રહે. અમરેલીવાળાએ ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, બસ ગોપાલગ્રામથી આગળ પહોંચતા ત્યાં એક કાર રોડની નીચે ઉતરી ગઈ હોવાથી ગામના લોકો ટ્રેક્ટર મારફતે કારને બહાર કાઢતા હતા અને જેથી ત્યાં ટ્રાફિક હોય ત્યારે સામેથી આવતા બાઈકચાલક રાજુભાઈ ઉર્ફે છબરી વાળા નીકળતા બસ ડ્રાઈવરે બાઈક સાઈડમાં ચલાવવાનું કહેતા રાજુ વાળાએ બાઈક બસની આગળ ઉભુ રાખી બેફામ ગાળો આપી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતા બસ ડ્રાઈવરે રાજુ વાળા સામે ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# આઈ.ટી.આઈ. લાઠી ખાતે તા. ૨૩ ડિસેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર વિવિધ એકમો માટે મશીન ઓપરેટર, એસેમ્બલી ઓપરેટર, ઓફિસ વર્ક, મહિલા બીમા સખી, વીમા એજન્ટની જગ્યા માટે ૧૮ થી ૪૦ વર્ષની વય મર્યાદા તથા ધો.૧૦ થી ઓછું તેમજ ધો.૧૦ પાસ, ધો.૧૨ પાસ, ગ્રેજ્યુએટની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુક ઉમેદવારોએ આઈ.ટી.આઈ લાઠી ખાતે તા.૨૩.૧૨.૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઉપસ્થિત થવાનું રહેશે. આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે.

# ખાંભાના લાસા ગામે સરકારી જમીન પરના દબાણની ફરિયાદ કરતા સરપંચ પુત્રને જેલમાં ધકેલી દેવાની આપી ધમકી

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના લાસા ગામે સરકારી જમીન પર ખેતી કરવાના મુદ્દે વિવાદ સર્જાયો હતો. આ મામલે ઉચ્ચ અધિકારીઓને જાણ કરનાર સરપંચના પુત્રને શખ્સે ફોન કરી બેફામ ગાળો આપી જાનથી મારી નાખવાની અને જેલમાં ધકેલી દેવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. લાસા ગામે રહેતા રસીકભાઈ ભીખાભાઈ ચોવટીયા (ઉ.વ.૩૯) એ ત્રાકુડા ગામના કનુભાઈ મંગાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી માહિતી મુજબ, લાસા ગામના દલિત સમાજના કેટલાક લોકો ગામની સરકારી જમીનમાં ખેતીકામ કરતા હતા. આ બાબતે ગામના લોકોએ વાંધો ઉઠાવી સરપંચના પુત્ર (ફરિયાદી)ને રજૂઆત કરી હતી. ગ્રામજનોની રજૂઆતને પગલે ફરિયાદીએ આ મામલે ખાંભા મામલતદાર અને ધારી પ્રાંત અધિકારીને લેખિત જાણ કરી હતી. અધિકારીઓએ આ રજૂઆત પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગજેરા કેમ્પસની મહિલા કોલેજનું M.A.(Psy) સેમ.-૩ની પરીક્ષાનું ઉત્કૃષ્ટ પરિણામ

અમરેલી,તા.૨૧

ગજેરા કેમ્પસની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા એમ.એ. કોલેજનું ૧૦૦ ટકા ડિસ્ટિંકશન પરિણામ જાહેર થયું છે. કોલેજની વિદ્યાર્થિનીઓ-ડેરૈયા આઈમન એ. કોલેજ ફર્સ્ટ - ૮૬.૬૦%, ભારમલ જૈનબ એમ. કોલેજ સેકન્ડ-૮૬.૪૦% અને પીપળીયા ક્રિયા જે. કોલેજ થર્ડ - ૮૩.૪૦% પ્રાપ્ત કરેલ છે. આ સફળતા મેળવવા



બદલ કોલેજ પરિવાર તરફથી તમામ સ્ટાફ, સ્ટુડન્ટ અને રેન્કરને શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)- શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) તરફથી અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ બીજ
તા. ૨૨-૧૨-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૭:૧૭,
સૂર્યાસ્ત-૦૫:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તરષાઢા

## દૈનિક રાશિફળ

**તા.૨૨-૧૨-૨૦૨૫ સોમવાર**

મેષઃ પારિવારિક અને આર્થિક બાબતોમાં ચાલતી સમસ્યાઓ ઉકેલાશે અને આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો પ્રગટશે.

વૃષભઃ વિવાહિત જીવનમાં ઘણા દિવસોની સમસ્યા સમાપ્ત થઈ જશે અને તમે તહેવારની ખરીદી માટે પણ જઈ શકો છો.

મિથુનઃ સવારે ધાર્મિક યાત્રા પર જવાની યોજના હશે, પણ આકસ્મિક અન્ય કામ દ્વારા રદ કરી શકાય છે.

કર્કઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ક્ષેત્રમાં સખત મહેનત અને ધૈર્યથી તમને બધી સમસ્યાઓમાંથી મુક્તિ મળશે.

સિંહઃ વ્યાવસાયિક સહયોગીઓ તમારી પાસેથી સલાહ અને માર્ગદર્શન પ્રાપ્ત કરશે, માન-સન્માન વધશે.

કન્યાઃ રોજગાર મેળવવા માગતા યુવાનોને નવી તક મળશે. તમારો પ્રોજેક્ટ કાર્યક્ષેત્રમાં પૂર્ણ થશે, તે જોઈને વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે.

તુલાઃ કુટુંબનું વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે અને આનંદદાયક સમાચાર મળતાં તમામ સભ્યોની ખુશી વધશે.

વૃશ્ચિકઃ દુકાનદારો માટે આ સમયે વ્યસ્તતા વધુ રહેશે, તેના કારણે તમે પરિવાર તરફ ઓછું ધ્યાન આપી શકશો.

ધનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ માટે નિષ્ણાતની સલાહ મદદરૂપ થશે. ભાગ્ય તમને સાથ આપશે અને દરેક ક્ષેત્રમાં સફળતા મળશે.

મકરઃ આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. પરિવારનું વાતાવરણ આનંદદાયક રહેશે અને તહેવારની તૈયારીઓ વચ્ચે વાનગીનો આનંદ માણશો.

કુંભઃ ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સંબંધ સુધરશે, પરંતુ તમારે ગુપ્ત શત્રુઓથી સંભાળીને કામ કરવું પડશે.

મીનઃ વ્યવસાય સંબંધિત યોજનાઓ સફળ થશે અને લાભ આપવાનું શરૂ કરશે. સંતાન પક્ષની પ્રગતિથી મન પ્રસન્ન રહેશે.

# અમરેલી જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં બગસરા તાલુકાનો દબદબોઃ પાંચ પૈકી ત્રણ વિભાગમાં પ્રથમ સ્થાન મેળવ્યું

અમરેલી,તા.૨૧

અમરેલી જિલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં સમગ્ર જિલ્લામાંથી તાલુકા કક્ષાએ પ્રથમ આવેલી ૫૫ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં પાંચ વિભાગો પૈકી ત્રણ વિભાગમાં બગસરા તાલુકાની શાળાઓ પ્રથમ ક્રમે વિજેતા બની છે. હવે આ કૃતિઓ ઝોન કક્ષાએ ભાગ લેવા માટે પસંદગી પામી છે. વિજેતા



કૃતિઓની વિગત મુજબ, પીએમ શાળા નં. ૧ બગસરાની વિભાગ-૨ ની કૃતિ 'વેસ્ટ મેનેજમેન્ટ ફોર ગાર્બેજ' (બાલ વૈજ્ઞાનિક માહિર એન. પાઘડાળ અને ધાર્મિક એચ. જોગેલ) તથા વિભાગ-૪ ની કૃતિ 'ઈમર્જિંગ ટેકનોલોજી ઈન ટ્રાન્સપોર્ટેશન' (બાલ વૈજ્ઞાનિક હીર આર. વસતાણી અને ક્રિષા એન. સાગઠીયા) પ્રથમ રહી હતી. આ બંને કૃતિઓના માર્ગદર્શક શિક્ષક વિપુલભાઈ ગજેરા છે. આ ઉપરાંત, બાલાપુર પ્રાથમિક શાળાની વિભાગ-૫ ની કૃતિ 'હેલ્પફૂલ ચેર ફોર ડિસેબલ પીપલ' (બાલ વૈજ્ઞાનિક નસીત ધર્મ સી. અને સાંગાણી ભવ્ય એમ.) પણ પ્રથમ સ્થાને રહી હતી, જેમના માર્ગદર્શક શિક્ષક કેયુરભાઈ ઢોલરીયા છે.

# સાવરકુંડલામાં ગુજરાત સાહિત્ય પરિષદનું મોરારીબાપુના અધ્યક્ષસ્થાને જ્ઞાનસત્ર યોજાયું

સાવરકુંડલા,તા.૨૧





સાવરકુંડલા ખાતે વિદ્યાગુરુ ફાઉન્ડેશનના યજમાન પદે ગુજરાત સાહિત્ય પરિષદનું પ્રથમ સત્ર મોરારીબાપુના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ કાર્યક્રમમાં રતિલાલ બોરીસાગર, રઘુવીર ચૌધરી, સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદભાઈ ત્રિવેદી, લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના પ્રમુખ હરેશભાઈ મહેતા, માનવ મંદિરના સંત ભક્તિ બાપુ અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમીરભાઈએ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન રઘુવીર ચૌધરી, રતિલાલ બોરીસાગર અને પ્રણવભાઈએ સત્રને અનુરૂપ પ્રવચનો કર્યા હતા.

# સાવરકુંડલાની શિયાળુ સવાર : શાંતિ અને રંગોનું અદ્‌ભુત સંયોજન

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શહેરમાં શિયાળાની સવાર એક અનોખી શાંતિ અને મનોહર સૌંદર્ય સાથે ઉગી હતી. વહેલી સવારે હવામાં ઠંડકનો સ્પર્શ હતો અને ભીની હવા વચ્ચે આખું શહેર જાણે થોડી ક્ષણો માટે થંભી ગયું હોય તેવો અનુભવ થયો. આકાશમાં પિંક, જાંબલી અને નારંગી રંગોની અદ્‌ભુત છટાઓ જોવા મળી, જેણે શિયાળાની સવારને વધુ ભાવનાત્મક બનાવી દીધી




તસવીર : સૌરભ દોશી

હતી. શાંત રસ્તાઓ, ઝાંખા દેખાતા વૃક્ષો અને આસપાસની નિસ્તબ્ધતાએ શહેરની રોજિંદી દોડધામથી અલગ એક શાંત ક્ષણનું પ્રતિબિંબ આપ્યું. આ મનોહર દ્રશ્યને સાવરકુંડલાના યુવા ફોટોગ્રાફર હર્ષવર્ધન રાઠોડ દ્વારા તેમના કેમેરામાં ખૂબ જ સંવેદનશીલ રીતે કેદ કરવામાં આવ્યું છે.

# અમરેલીના ઘોબા ગામનું આયુષ્માન મંદિરઃ ટેકનોલોજીથી ગ્રામ્ય સ્વાસ્થ્યમાં ક્રાંતિ

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ઘોબા ગામમાં આવેલ આયુષ્માન આરોગ્ય મંદિર ઈનોવેશન અને માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ બન્યું છે. ડૉ. સચિન ઉદેશ દ્વારા વિકસાવવામાં આવેલી "એન.સી.ડી ફોલોઅપ" મોબાઈલ એપ્લિકેશન બી.પી., ડાયાબિટીસ જેવા દર્દીઓમાં દવાપાલન સુનિશ્ચિત કરે છે. આ એપ્લિકેશન દ્વારા દર્દીઓને એસ.એમ.એસ.



અને ફોન કોલ દ્વારા દવા લેવાની યાદ અપાય છે, અને ડોક્ટર માટે ડેશબોર્ડ પર ગ્રીન/યેલ્લો/રેડ માર્કરથી ફોલોઅપની સ્થિતિ જાણી શકાય છે. વળી, સુરક્ષા પ્રોજેક્ટ અંતર્ગત મહિલાઓ માટે સેનેટરી પેડ વેન્ડિંગ મશીન અને ગોપનીય માર્ગદર્શન પણ ઉપલબ્ધ છે. આ ડિજિટલ અને સંવેદનશીલ પહેલ ઘોબા ગામને રાજ્ય માટે અનુકરણયોગ્ય મોડેલ બનાવી રહી છે.

## તંત્રી લેખ

# દિવ્યાંગ માનવી હવે વ્હીલચેર પર બેસી અવકાશયાત્રા કરશે

દિવ્યાંગ માનવીની અવકાશયાત્રા માનવ ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયી અધ્યાય તરીકે નોંધાશે. અત્યાર સુધી અવકાશયાત્રા એટલે અતિશય શારીરિક ક્ષમતા ધરાવતા લોકો માટે જ હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ વ્હીલચેરમાં રહેલી વ્યક્તિનું અવકાશમાં જવું આ માન્યતાને તોડી નાખે છે. જર્મન એરોસ્પેસ એન્જિનિયર માઈકેલા બેન્થૌસની યાત્રા માત્ર વૈજ્ઞાનિક ઘટના નથી, પરંતુ સમાન અવસર અને માનવ ગૌરવની ઘોષણા છે. આ ઘટના સમાજને યાદ અપાવે છે કે દિવ્યાંગતા કોઈ અસમર્થતા નથી, પરંતુ અલગ ક્ષમતાનું સ્વરૂપ છે. અવકાશ સુધી પહોંચવાની તક જ્યારે દિવ્યાંગ વ્યક્તિને મળે છે, ત્યારે ધરતી પરના શિક્ષણ, રોજગાર અને સંશોધનમાં પણ સમાનતાનો વિચાર વધુ મજબૂત બને છે. આ યાત્રા લાખો દિવ્યાંગ લોકોને સપનાઓ જોવાની અને તેને સાકાર કરવાની હિંમત આપશે. અવકાશ હંમેશાં માનવ કલ્પનાનું સૌથી ઊંચું શિખર રહ્યું છે. ત્યાં પહોંચવું એટલે માત્ર વૈજ્ઞાનિક સફળતા નહીં, પણ માનવ આત્મવિશ્વાસ અને સમાનતાની ઉજવણી. તાજેતરની બે ઘટનાઓ આ વિચારને વધુ સ્પષ્ટ બનાવે છે. એક તરફ જર્મન એરોસ્પેસ એન્જિનિયર માઈકેલા બેન્થૌસ વ્હીલચેરમાં અવકાશ યાત્રા કરીને ઈતિહાસ રચવા જઈ રહ્યા છે અને બીજી તરફ ભારતનું ઈસરો અવકાશમાંથી સીધા સ્માર્ટફોન સુધી સંચાર પહોંચાડવાના નવા યુગની શરૂઆત કરવા જઈ રહ્યું છે. આ બંને સમાચાર માત્ર ટેક્નોલોજીની વાત નથી કરતા, પણ માનવ સમાજના દૃષ્ટિકોણમાં આવતી મહત્વપૂર્ણ બદલાવની સાબિતી આપે છે. માઈકેલા બેન્થૌસનો અવકાશ પ્રવાસ એક સાદી યાત્રા નથી. વ્હીલચેર પર રહેલી વ્યક્તિ અવકાશમાં જશે એ વાત પોતે જ અનેક પૂર્વગ્રહોને તોડી નાખે છે. અત્યાર સુધી અવકાશયાત્રા એટલે શારીરિક રીતે અત્યંત તંદુરસ્ત, કડક પસંદગીમાંથી પસાર થયેલા લોકોની જ દુનિયા એવી માન્યતા હતી. બ્લુ ઓરિજિનના **NS**-૩૭ મિશન પર ન્યૂ શેપર્ડ રોકેટમાં માઈકેલા જઈ રહ્યા છે, એ ઘટના કહી જાય છે કે હવે ક્ષમતાનો અર્થ ફરીથી વ્યાખ્યાયિત થઈ રહ્યો છે. શરીરની મર્યાદા માનવ સપનાઓની મર્યાદા નથી, એ સંદેશ અહીંથી અવકાશ જેટલો ઊંચો થઈને પ્રસારિત થાય છે. આ યાત્રા લાખો દિવ્યાંગ લોકોને નવો આત્મવિશ્વાસ આપશે. સમાજ ઘણી વાર સહાનુભૂતિ આપે છે, પરંતુ સમાન અવસર આપવામાં સંકોચ કરે છે. માઈકેલાની અવકાશ યાત્રા એ સંકોચને પ્રશ્ન કરે છે. જો અવકાશ સુધીનો માર્ગ ખુલ્લો થઈ શકે છે, તો ધરતી પરના શિક્ષણ, રોજગાર અને સંશોધનના માર્ગ કેમ નહીં? આ ઘટના માનવાધિકારની ભાષામાં બોલે છે અને કહે છે કે સમાવેશ માત્ર નીતિમાં નહીં, પ્રયોગમાં પણ શક્ય છે. બીજી તરફ, ભારતનું **LVM3-M6** મિશન એક અલગ જ ક્રાંતિનો સંકેત આપે છે. ૨૪ ડિસેમ્બરે શ્રીહરિકોટાથી લોન્ચ થનાર બ્લુબર્ડ-૬ કોમ્યુનિકેશન સેટેલાઈટ સીધા સ્માર્ટફોન સાથે જોડાઈ શકશે. અવકાશમાંથી ઈન્ટરનેટ અને કોલિંગ સેવાઓ આપતી આ ટેક્નોલોજીનો અર્થ એ છે કે હવે દુરદરાજ ગામડાં, પહાડી વિસ્તારો કે આપત્તિગ્રસ્ત પ્રદેશો સંચારથી વંચિત નહીં રહે. જ્યાં ટાવર ઊભાં કરવા મુશ્કેલ છે, ત્યાં અવકાશ પોતે જ ટાવર બની જશે. આ વિકાસ ભારત માટે માત્ર ટેક્નોલોજીકલ સિદ્ધિ નથી, પણ સામાજિક સશક્તિકરણનું સાધન છે. ખેડૂતને હવામાનની માહિતી તરત મળશે, વિદ્યાર્થીઓને ડિજિટલ શિક્ષણ સાથે જોડાવામાં અડચણ નહીં રહે, અને આપત્તિના સમયે સંપર્ક તૂટવાનો ભય ઓછો થશે. સંચારનો અધિકાર હવે વૈભવી નહીં, પરંતુ મૂળભૂત જરૂરિયાત તરીકે સ્વીકારાતો જાય છે. ઈસરોનું આ મિશન એ વિચારને વાસ્તવિક આકાર આપે છે. માઈકેલા બેન્થૌસ અને બ્લુબર્ડ-૬ સેટેલાઈટ, બંને એક જ સૂત્રમાં બંધાયેલા લાગે છે. બંને અવકાશને માત્ર વૈજ્ઞાનિકો કે શક્તિશાળી દેશોની મિલકત નથી માનતા, પણ સામાન્ય માનવી સુધી પહોંચાડવા માગે છે. એક કિસ્સામાં માનવ શરીરની મર્યાદા તૂટે છે, તો બીજા કિસ્સામાં ભૂગોળની મર્યાદા. બંને જગ્યાએ કેન્દ્રમાં માનવી છે અને તેની પહોંચ વધારવાનો પ્રયાસ છે. આજના યુગમાં અવકાશ સ્પર્ધાનું મેદાન નહીં, સહકારનું ક્ષેત્ર બનવું જોઈએ. જ્યારે ટેક્નોલોજી માનવતાને આગળ ધપાવે છે, ત્યારે તેનો સાચો અર્થ સાબિત થાય છે. માઈકેલાની યાત્રા આપણને સંવેદનશીલ બનાવે છે અને ઈસરોનું મિશન આપણને જોડે છે.

# પુષ્પ-૯

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)



ઈ.સ. ૧૯૬૭ માં વિજયાદશમીના ઉત્સવના બૌદ્ધિકમાં શ્રી ગુરુજીએ કહ્યું કે, "આંતરિક અને બાહ્ય સંકટ ગમે ત્યારે ગંભીર સ્વરૂપ લઈ શકે છે. જો આપણો સમાજ મજબૂત હશે તો આવી સમસ્યાઓ સરળતાથી ઉકેલી શકાશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે માણસ સંપૂર્ણપણે સ્વાર્થમાં ડૂબેલો છે. હાલમાં આ સ્વાર્થ ફક્ત જાતિ, સમૂહ, જૂથ અને પક્ષ પુરતો મર્યાદિત છે. પરંતુ જ્યારે આ સ્વાર્થ ખૂબ વધી જશે ત્યારે નમ્રતા અને ચારિત્ર્યનો પણ નાશ થશે. પહેલાના સમયમાં જાતિઓ એકબીજાની પૂરક હતી. તેમની વચ્ચે કોઈ ભેદભાવ ન હતો. આ નવી જાતિઓ વચ્ચે કોઈ પૂરકતા નથી. તેના બદલે તેઓ એકબીજાને કલંકિત વલણથી જુએ છે. આજે દેશમાં વિવિધ પ્રકારના આંદોલનો થઈ રહ્યા છે. આ આંદોલનોમાં કોઈ વિચાર કર્યા વિના અપાર સંપત્તિનો નાશ થાય છે. આ આંદોલનને કારણે ઉત્પાદનમાં ઘટાડો થાય છે. પરંતુ વેતનમાં વધારો થતો રહે છે. જનતા ચારે બાજુથી ઘેરાઈ જાય છે. આંદોલનો અને હડતાળ મુશ્કેલીનું કારણ બને છે, ઉત્પાદન ઘટે છે અને માલના ભાવ વધે છે. ઘરનો બોજ પણ વધે છે. જનતાએ આ બધું સહન કરવું પડે છે."

આ સમગ્ર પૃષ્ઠભૂમિના આધારે શ્રી ગુરુજીએ હંમેશા તેમના જીવન હેતુ પર ધ્યાન આપ્યું છે. સંઘ શા માટે શરૂ થયો ? સંઘે હિંદુ સમાજનું સંગઠન કરવું પડશે, એટલે કે શું કરવું પડશે ? શ્રી ગુરુજીએ સમય મુજબ આ પ્રશ્નો સૌને સમજાવ્યા છે. સ્વતંત્રતા પછી આપણે ઘણી બધી સમસ્યાઓ અને પડકારોનો સામનો કરવો પડ્યો હતો. આથી ઈ.સ. ૧૯૬૮ ના વિજયાદશમીના બૌદ્ધિક પ્રવચનમાં શ્રી ગુરુજીએ કહ્યું હતું કે, "આ સમસ્યાઓનો સામનો કરતી વખતે આપણે હંમેશા રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઈએ. આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણે હિન્દુ છીએ. જે લોકો અંગ્રેજોની જેમ વિચારે છે તેઓ કહે છે કે હિન્દુઓ પછાત છે. પોતાને કહેવાતા હિન્દુ માનવાના કારણે આ બધું સાંભળવું પડે છે. આ કમનસીબ પરિસ્થિતિને બદલવા માટે પ્રયાસો કરવાની જરૂર છે. એટલા માટે બધી જાતિઓ અને સંપ્રદાયોથી બનેલો આ વિશાળ સમાજ મારો પરિવાર છે, આ લાગણી દરેકના મનમાં પેદા કરવાની જરૂર છે. આ પરિવારમાં મારા માટે કોઈ મોટું કે નાનું નથી, કોઈ ઊંચું કે નીચું નથી. મારો ધર્મ એ છે કે દરેકના સુખ-દુઃખમાં ભાગ લેવો અને તેમના દુઃખને દૂર કરવા માટે ગમે તે દુઃખ સહન કરવા તૈયાર રહેવું, મારા મનમાં એકતાની ભાવના વિકસાવવી અને સમગ્ર સમાજને એક તાંતણે બાંધીને શિસ્તબધ્ધ અને સંગઠિત કરવો. હું આને મારું અંતિમ કર્તવ્ય માનીને તેનું પાલન કરીશ. દરેક વ્યક્તિએ પોતાના અંતરાત્મામાં આ દઢ નિશ્ચય જાગૃત કરવાની જરૂર છે. સ્વને જાગૃત કરવા અને સુવ્યવસ્થિત સામાજિક જીવન બનાવવા માટે એક કે બે દિવસ પ્રવચન આપીને, ક્યારેક ક્યારેક ઉત્સવ ઉજવીને અથવા મોટા કાર્યક્રમોનું આયોજન કરીને કંઈ પ્રાપ્ત થશે નહીં. આપણા દેશમાં આવા કાર્યક્રમો થતા રહે છે. ઋષિમૂનિઓના ઉપદેશો અને કીર્તનો સતત ચાર મહિના સુધી ચાલુ રહે છે. આ બધું હોવા છતાં હિન્દુત્વ અસરકારક રીતે જાગૃત થઈ શક્યું નથી. કહેવાનો મતલબ એ છે કે લોકો તેમના સાંસારિક જીવનમાં સમાજ અને ધર્મ વિશે કેટલીક વાતો સાંભળે છે, સમજે છે, કેટલીક વાતો યાદ રાખે છે અને કેટલીક વાતો છોડી દે છે. પરંતુ કોઈને પણ એ બાબતોને પોતાના આચરણમાં અપનાવવાની જરૂર લાગતી નથી. સ્વાર્થ પ્રવર્તતો રહે છે, ધર્મના સૌથી પવિત્ર પૂજાસ્થાનોની પણ અવગણના કરવામાં આવે છે. આપણા સમાજને દરેક રીતે નુકસાન પહોંચાડવા, તેનો નાશ કરવા અને સમાજની એકતા તોડવા જેવી બાબતોને રોકવાનું કોઈ વિચારતું નથી. પ્રવચનો અને પુરાણો ચાલુ રહે છે. તેનો કેટલો લાભ થાય છે ? જો આપણે તેના વિશે વિચારીએ તો આપણને જોવા મળે છે કે, ફાયદા એટલા નથી જેટલા હોવા જોઈએ. પ્રાપ્ત કરેલા મૂલ્યોને પોતાનામાં ઉતારવા સાથે બધા લોકોએ સાથે મળીને આગળ વધવું જોઈએ.

આપણે વિશ્વ સમક્ષ એક શક્તિ તરીકે એક થઈને ઊભા રહેવું જોઈએ. સમાજમાં આનો અમલ કરવા માટે એક માળખું, વ્યવસ્થા અને કાર્યપધ્ધતિની જરૂર છે. આપણે આપણી શાખા ફક્ત આ જરૂરિયાત માટે ચલાવીએ છીએ. આપણે જરૂરી મૂલ્યોના આધારે સમગ્ર સમાજને સૂત્રબધ્ધ અને શક્તિશાળી બનાવવાનો પ્રયાસ કરીએ છીએ. સંઘ જેવી બીજી કોઈ સફળ નવીન કાર્યપદ્ધતિ નથી. સંઘની આ વિશેષતાને સમજીને વ્યક્તિએ પોતાનું દૈનિક જીવન અંતરાત્મા સાથે જીવવું જોઈએ."

એક તરફ ગુરુજી હિન્દુ ધર્મને ઉજાગર કરી રહ્યા હતા. પરંતુ સમાજમાં ભેદભાવ અને ઊંચનીચનું જે વર્તન હતું એના માટે હિન્દુ સમાજના સંગઠનમાં જે સમસ્યાઓ આવી રહી હતી એ વિષય ઉપર પણ શ્રી ગુરુજીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. શ્રી ગુરુજીએ ઈ.સ. ૧૯૬૯ ના વિજયાદશમી ઉત્સવમાં હિન્દુ ધર્મ અને હિન્દુ સમાજ પર પોતાના વિચારો રજૂ કર્યા. તેઓ કહે છે કે, "આપણા હિન્દુ સમાજમાં અનેક પ્રકારના ભેદભાવ મૂળિયા બનાવી ચૂક્યા છે. પ્રાચીન કાળથી આપણા હિન્દુ સમાજમાં ચાર વર્ણની વ્યવસ્થા હતી. તેમની વચ્ચે જાતિગત ભેદભાવ ઊભરી આવ્યા અને ઘણા ઈર્ષાળુ જૂથ ઊભા થયા. લોકો ફક્ત પોતાની જાતિ પર ગર્વ કરવા લાગ્યા. જાતિના જોડાણને કારણે વિપરીત પરિસ્થિતિ ઊભી થઈ. કોઈ એવું માનતું નથી કે વ્યક્તિ ગમે તે જાતિનો હોય તે જાતિ તેના પોતાના સમાજનો એક ભાગ છે. જો આપણે આપણા સમાજનું પાલનપોષણ, રક્ષણ અને ઉન્નતિ કરીશું તો આપણી જાતિ આપમેળે જ રક્ષણ અને ઉન્નતિ પામશે - આટલી સરળ વાત વિશે પણ કોઈ વિચારતું નથી. ઘણા મહાપુરુષોએ આ વિવિધતાના કારણે ઉદ્ભવતા મતભેદોને દૂર કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ કમનસીબે જે કાર્ય થયું તે એક જાતિ કે સંપ્રદાય પૂરતું મર્યાદિત રહ્યું. આ દુષ્ટ વિચાર પ્રક્રિયા એટલી ઊંડે સુધી મૂળમાં ઘર કરી ગઈ છે કે તેને ફક્ત ઉપરછલ્લા ઉપાયોથી મટાડી શકાય એમ નથી. એ સ્પષ્ટ છે કે, જે સમાજ આ પ્રકારની ગરીબીથી પીડાઈ રહ્યો છે તે સમાજ નબળો જ રહેશે અને નબળો સમાજ આ દુનિયામાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકશે નહીં. એવી દુનિયામાં જ્યાં કોઈ અસ્તિત્વ જ નથી - ત્યાં માન, સમૃદ્ધિ, સંપત્તિ કેવી રીતે મેળવી શકાય ? એટલા માટે એમ કહેવું જ જોઈએ કે, આપણા સમાજની આ ભેદભાવ અને જર્જરીત સ્થિતિને દૂર કરીને તેમાં સુમેળ પેદા કરવો અને સમાજને સંગઠિત કરવો જરૂરી છે.'' આ રીતે શ્રી ગુરુજીએ રાષ્ટ્રભાવનાની વિચારધારાને કેન્દ્રમાં રાખીને સંગઠનનો મહિમા સૌની સામે સરળતાથી મૂકી આપ્યો હતો.

# સંસ્કારની શ્રીમંતાઈ જ જીવનની સૌથી મોટી સંપત્તિ છે

**મનન ચિંતન**

**ભરત બાવીશી**



ધન, દોલત અને વૈભવ જીવનને સુવિધાજનક બનાવે છે, પરંતુ સંસ્કારો જ જીવનને અર્થપૂર્ણ બનાવે છે. જે ઘરમાં સંસ્કારની સુગંધ હોય, તે ઘર ક્યારેય ગરીબ ગણાતું નથી. કારણ કે સાચી શ્રીમંતાઈ પૈસામાં નહીં, સંસ્કારમાં વસે છે. સંસ્કાર એ એવી મૂડી છે, જે વારસામાં મળે છે અને જીવનભર સાથે રહે છે. બોલવાની ભાષા, વડીલો પ્રત્યે આદર, નાના પ્રત્યે સ્નેહ, સત્ય બોલવાની હિંમત અને ખોટું ન કરવાની દૃઢતા આ બધું સંસ્કારની ઓળખ છે. ગુમાવેલ પૈસા તો ફરી કમાઈ શકાય છે પરંતુ સંસ્કાર ગુમાવાય તો જીવન અશાંત બની જાય છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં ભૌતિક સુખની દોડ વધતી જાય છે. લોકો મોટું ઘર, મોટી ગાડી અને ઊંચો હોદ્દો મેળવવામાં વ્યસ્ત છે. પરંતુ જ્યારે સંસ્કારનો અભાવ દેખાય છે, ત્યારે આ બધો વૈભવ પણ નિરર્થક લાગે છે. સંસ્કાર વગરની સફળતા ક્ષણિક હોય છે, જ્યારે સંસ્કાર સાથેની સફળતા દીર્ઘકાલીન બની રહે છે.

સંસ્કારની શ્રીમંતાઈ વ્યક્તિને અંદરથી મજબૂત બનાવે છે. સંકટના સમયે ધીરજ રાખવી, સફળતામાં નમ્ર રહેવું અને નિષ્ફળતામાં હિંમત ન હારવી, આ બધું સંસ્કારથી જ શક્ય બને છે. સંસ્કાર ધરાવનાર વ્યક્તિ જ્યાં જાય ત્યાં માન, વિશ્વાસ અને સન્માન આપમેળે મેળવે છે. સમાજ પણ એવા જ લોકો સાથે ઊભો રહે છે, જેઓ સંસ્કારથી સમૃદ્ધ હોય.

સંસ્કારી વ્યક્તિ માત્ર પોતાનું જીવન નહીં, પરંતુ આસપાસના અનેક જીવનને પણ ઉજાસ આપે છે. તેથી સંતાનોને સૌથી મોટો વારસો જો આપવો હોય, તો સંપત્તિ કરતાં પહેલા સંસ્કાર આપો. એક નાનું ઉદાહરણ જોઈએ. બે વ્યક્તિઓ બસમાં મુસાફરી કરી રહ્યા છે. એક વ્યક્તિ પાસે મોંઘો મોબાઈલ, બ્રાન્ડેડ કપડાં છે, પરંતુ વૃદ્ધ અને અશક્ત વ્યક્તિ ચડે ત્યારે બેઠા બેઠા નજર ફેરવી લે છે. બીજી તરફ, સામાન્ય કપડાં પહેરેલો યુવાન તરત ઊભો થઈને કહે છે કે ''બેસો કાકા.'' આ એક ક્ષણમાં જ નક્કી થઈ જાય છે કે સાચી શ્રીમંતાઈ કોની પાસે છે. સંસ્કાર ઘરમાંથી મળે છે, પરંતુ જીવનમાં એને ઉતારવા પડે છે. માતા-પિતા બાળકોને, શિક્ષક વિદ્યાર્થીને, ગુરુ શિષ્યને વિવિધ રીતે સંસ્કાર આપવાના પ્રયાસ કરે છે.

ફક્ત કમાવું નહીં, પણ કેવી રીતે વર્તવું તેવું પણ શીખવે છે. જ્યાં માતા-પિતા, શિક્ષક અને ગુરુની આજ્ઞાનું પાલન થાય ત્યાં સંસ્કાર વિકસે છે. ''નમસ્કાર'', ''માફ કરશો'', ''આભાર'' જેવા નાના શબ્દો પણ વ્યક્તિને સંસ્કાર સભર, માયાળુ અને મોટો બનાવે છે. જ્યા સંસ્કારના દર્શન થાય છે તેવા અનેક દૃષ્ટાંત આપણી નજર સમક્ષ દેખાતા હોય છે. કોઈ કાર્યમાં સફળતા મળે ત્યારે કોઈ વ્યક્તિ તરત ગર્વમાં આવી જાય છે, જ્યારે સંસ્કારી વ્યક્તિ કહે છે કે ''આ બધું સૌના સહકારથી શક્ય બન્યું.'' ફરક માત્ર શબ્દોમાં નથી, ફરક સંસ્કારમાં છે. સમાજને મોટા મકાનોવાળા કરતાં મોટા મનવાળા લોકોની જરૂર છે. કારણ કે સંસ્કારથી સમૃદ્ધ વ્યક્તિ જ્યાં જાય ત્યાં વાતાવરણ સુધરે છે, સંબંધો મજબૂત બને છે અને વિશ્વાસ જન્મે છે. સંસ્કારની શ્રીમંતાઈ સંકટના સમયે વધુ સ્પષ્ટ થાય છે. મુશ્કેલીમાં ધીરજ રાખવી, ગુસ્સામાં પણ શબ્દોની મર્યાદા જાળવવી અને વિરોધમાં પણ સન્માન ન છોડવું, આ બધું સંસ્કાર વગર શક્ય નથી. ખાસ તો ઘર, કુટુંબ, પરિવાર, સમાજ વગેરે સંસ્થાઓમાં નાની મોટી બાબતોને લઈને ગેરસમજણ ઊભી થાય અથવા કોઈ મુશ્કેલી કે સંકટની ઘડી આવે ત્યારે સંસ્કારી વ્યક્તિની સાચી ઓળખ થતી હોય છે. ક્યારે બોલવું, કેટલું બોલવું, કેવું બોલવું, શું બોલવું અને ક્યારે ચૂપ રહેવું વગેરે બાબતોમાં વિવેકબુદ્ધિ એ જ સંસ્કારની પારાશીશી છે. ક્રોધ કે ગુસ્સા પરનો કાબૂ, સહન કરીને સંબંધો જાળવી રાખવા વગેરે સંસ્કારનું સાચું દર્પણ છે.

કોઈના વાળ્યા વળવું અને વડીલો આગળ નમવું એમાં સંસ્કારના દર્શન થાય છે. ઘણીવાર સામેની વ્યક્તિને સાચી વાત સમજાવવા યોગ્ય રીતે વિવેકબુદ્ધિથી અને નમ્રતાથી રજૂઆત કરવી એ પણ સંસ્કારનો એક ભાગ છે.

અંતે એટલું જ કહેવાનું કે સાચી શ્રીમંતાઈ દેખાડવામાં નથી, જીવવામાં છે. જેનાં જીવનમાં સંસ્કાર છે, તે વ્યક્તિ દરેક પરિસ્થિતિમાં શ્રીમંત જ રહે છે. સાચી શ્રીમંતાઈ બેન્ક બેલેન્સમાં નહીં, પરંતુ વ્યવહારમાં દેખાતી સંસ્કૃતિમાં છે.

**સંસ્કાર દર્શાવતી કેટલીક પંક્તિઓઃ**

**પૈસા હોય તો માણસ મોટો લાગે,**
**સંસ્કાર હોય તો માણસ માન પામે.**
**ઊંચાઈ હોદ્દાથી નથી મળતી,**
**નમ્રતાથી ઓળખ ઊભી થાય છે.**
**બોલવામાં મીઠાશ, વર્તનમાં સત્ય,**
**એ જ સંસ્કારની સાચી ઓળખ.**
**સંપત્તિ તાળામાં બંધાય,**
**સંસ્કાર તો હૃદયમાં ઝળહળે.**

# ગાય, ગામડું, ખેતી માટે પદયાત્રા - સત્યના સારથી બની જોડાજો યાત્રામાં

**ઝાકળનું એક બિંદુ**

**હિરેન હિરપરા**



જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોના બે-ફામ અને વધુ પડતા ઉપયોગથી આજે જમીન તેની ગુણવત્તા ગુમાવી ચૂકી છે. જેના હિસાબે આજે માનવ જાત ખોરાક થકી ઝેર આરોગી રહી છે પરિણામે અનેક રોગોનો ભોગ માનવ જીંદગી બની રહી છે. સમયસર સરકાર જાગી છે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રાકૃતિક ખેતી માટે અનેક યોજનાઓ થકી પગલાઓ ભરી રહ્યા છે. પરંતુ પ્રાકૃતિક ખેતી તરફ વળવામાં માનવ શ્રમની જરૂરીયાત સામે ખેતમજૂરોની અછત અને ખેડૂતોની ઈચ્છા શક્તિનો અભાવ મુખ્યત્વે કારણભૂત છે. ખેડૂતો પોતાના પરિવારના આરોગ્યની ચિંતા કરીને દરેક ખેડૂતો અને ખેતમજૂરો પોતાની જરૂરિયાતો શાકભાજી, અનાજ, કઠોળ, તેલિબિયા પ્રાકૃતિક રીતે ઉત્પન્ન કરીને પોતાના પરિવારની સુરક્ષા કરી લે તો પણ સારૂં.

કાળા માથાના માનવીની મહેનતમાં સચ્ચાઈ, ઈમાનદારી અને પરસેવો પાડીને સાચી દાનતથી મહેનત કરવાની ઈચ્છા હોય તો ઈશ્વર પણ કહે છે, 'જા હવે સફળ થા' પણ એ માટે લગન અને ધગશની આવશ્યકતા છે. એક એવો માણસ જે ગાય, ગામડું, ખેતી માટે કામ કરી રહ્યો છે. જેનું નામ છે રમેશભાઈ રૂપારેલીયા, ગોંડલ પરગણાના ગામડે રહીને આજે દેશ અને દુનિયામાં પોતાનો ખેતી અને ઘી-આધારીત ધંધો કરી રહ્યા છે. આ માણસના ભૂતકાળની




વાત કરવામાં આવે તો સાવ સામાન્ય ખેતમજૂર, મજૂરીકામ પુરૂં કરીને રોડ ઉપરના નાલા - પુલીયાના ભુંગળામાં સુતો રહે. આમ છતાં હિંમત હાર્યા વિના કોટડા-સાંગાણીથી ગોંડલ આવી જમીન વાવેતર કરવા ભાડે રાખી. ખાતરના નાણા હતા નહી. ગોંડલ શહેરમાંથી રખડતી ગાયો લાવીને તેના ગૌમૂત્ર અને છાણમાંથી ખેતી શરૂ કરી અને ઈશ્વરે ખેડૂતની મહેનત જોઈ.એ વર્ષે ખેત ઉત્પાદન અને ભાવ સારા આવ્યા અને બંધ નસીબનો દરવાજો ખુલ્લી ગયો.

આજે રમેશભાઈ રૂપારેલીયા પોતાના પ્રાકૃતિક ફાર્મ ઉપર અનાજ, કઠોળ, તેલિબિયા અને મરી મસાલાનું વાવેતર કરીને પોતાન ફાર્મ ઉપર પ્રોસેસીંગ કરી વેચાણ કરી રહ્યા છે. દેશમાં સૌથી મોંઘુ આયુર્વેદિક ઔષધિય ઘી કોઈ વેચતું હોય તો તે છે રમેશભાઈ રૂપારેલીયા. અહિં ગાયોની સેવા સાથે સંવર્ધન પણ થઈ રહ્યું છે. રાજ્ય, દેશ, વિદેશના ખેડૂતો અહિં ફાર્મની મુલાકાતે અને વિદ્યાર્થીઓ તેમજ પ્રગતિશીલ ખેડૂતો તાલીમ લેવા પણ આવે છે.

રમેશભાઈ રૂપારેલીયા ઝેરમુક્ત ભારત પ્રાકૃતિક અભિયાન ૨૦૨૫ પદયાત્રા ગોંડલથી દેવાધિદેવ મહાદેવ સોમનાથ સુધી કરી રહ્યા છે. તા. ૨૫ ડિસેમ્બરથી લઈને તા. ૮ જાન્યુઆરી સુધી ૧૧ દિવસ ચાલનારી આ પદયાત્રામાં ત્રણ જિલ્લાના ૬ તાલુકાના ૬૫ ગામોમાં પસાર થશે. દરેક ગામડે ખેડૂત સાથે ઝેરમુક્ત ખેતી, ગાયનું મહત્વ અને ખેતી વિના ઉધ્ધાર નથી આ વાત ખેડૂતો, ખેતમજૂરો અને ગામડાઓમાં લોકો વચ્ચે કહેતા કહેતા યાત્રા આગળ વધશે.

આ યાત્રામાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ તેમજ અન્ય રાજ્યોના રાજ્યપાલ જોડાશે. અનેક રાજકિય - સામાજીક આગેવાનો જોડાશે. ફિલ્મ અભિનેતા અને ખેડૂત માટે કામ કરતા નાના પાટેકર, જેકી શ્રોફ જેવા અભિનેતાઓ જોડાશે. ઉપરાંત રાત્રે સંસ્કાર, સંસ્કૃતિ માટે ગામડે ગામડે લોકડાયરાઓ યોજાશે. ગુજરાત ભરના ખેડૂતો, ખેડૂતપુત્રો, ખેતમજૂરો અને ખેતી વ્યવસાય સાથે જોડાયેલા તમામને આ પદયાત્રામાં જોડાઈને ખેતી આધારીત આ દેશને શ્રેષ્ઠ ભારત બનાવવાનો સંકલ્પ લઈએ. રમેશભાઈ રૂપારેલીયાનો સંપર્ક નં. ૬૩૫૬૪ ૪૦૨૫૯ છે.

**:: તિખારો ::**

**જિંદગીની સફર તો તદ્દન મફત છે. પણ પાણી, વાણી અને ચારીત્ર્યની કિંમત અમૂલ્ય છે, તેને જોઈને વાપરજો. એક વખત ગયેલો સમય અને વ્યક્તિ અને આબરૂ ગયા પછી પાછા નહિં આવે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



મગફળી:- ● ઉનાળુ મગફળી માટે ખેડકાર્ય પૂરું કરી વાવેતર માટે તૈયારી કરવી.

● ઉનાળુ મગફળીનું બિયારણ સર્ટિફાઈડ વાળું ખરીદી લેવું.

● ઉનાળુ મગફળી માટે અનુકૂળ હોય તે જ બિયારણ ખરીદવું.

**ઘઉં :-**

● સૌરાષ્ટ્ર વિસ્તારની મધ્યમ કાળી છીછરી જમીનમાં ઓરવાણ ઘઉંને કુલ ૧૦ પિયત આપવાથી સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. પ્રથમ પિયત વાવેતર બાદ તરત જ, બીજું વાવેતર બાદ ૫-૬ દિવસે, ત્રીજું વાવેતર બાદ ૨૧-૨૨ દિવસે અને બાકીના પિયત ૮-૧૦ દિવસે આપવા.

● દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત-હવામાન વિસ્તારમાં ઘઉંના પાકનું વાવેતર કરતાં અને જ્યાં પિયત પાણી પૂરતું છે એવા ખેડૂતોને સલાહ આપવામાં આવે છે કે ઘઉંના પાકને ૧૪ પિયત (અઠવાડિયાના અંતરે) આપવાથી ૨૦ ટકા વધુ દાણાનું ઉત્પાદન તેમજ વધારાનો ચોખ્ખો નફો મેળવી શકાય છે. પરંતુ ચોખ્ખા વળતરને લક્ષમાં લેતાં ૯ પિયત આપવા હિતાવહ છે.

ખાતર:-

● ખેતી ખર્ચના ઘટાડા માટે શૂન્ય ખેડ અથવા ઓછી ખેડની પદ્ધતિ અપનાવવી જરૂરી છે.

● ખેતીમાં ઓછી ખર્ચાળ પદ્ધતિઓ જેવી કે ખેતરના સેન્દ્રિય કચરાનો ફેર ઉપયોગ કરવો, લીલો પડવાશ કરવો અને ઓછા ખર્ચવાળા બાયો ઈનપુટ જેવા કે જૈવિક ખાતર, અળસિયાનું ખાતર તેમજ સેન્દ્રિય કચરાને કોહવામાં મદદરૂપ બેક્ટેરિયાનો ઉપયોગ કરવો જેનાથી ૨૫ થી ૫૦ % સુધી ખેતી ખર્ચ ઘટે અને ૧૦ થી ૨૦ % જેટલો ઉત્પાદનમાં વધારો થાય છે.

● જમીનની સ્વાસ્થ્ય ચકાસણી આધારિત જરૂરી માત્રામાં રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવાથી જમીનની તંદુરસ્તી જળવાય છે. મોંઘા રાસાયણિક ખાતર તથા તે ઉપરની સરકારી સબસિડીમાં બચત થાય છે.

**નિંદામણ:-**

● ખેડૂતો પાક-નિંદણ હરિફાઈ ગાળાનાં અતિ મહત્ત્વના સમયમાં છે. (વાવણી પછીનાં ૨૦ થી ૪૫ દિવસ સુધી)

● પોતાનાં ખેતરને નિંદણમુક્ત રાખીને પાક ઉત્પાદનમાં ૨૦ % સુધીનો વધારો લઈ શકે છે.

● રાસાયણિક, યાંત્રિક અને ભૌતિક પધ્ધતિઓનાં સમન્વયવાળી સંકલિત નિંદણ વ્યવસ્થાપન પધ્ધતિ અપનાવવી.

● ખેતરમાં નિંદણનાં બીજથી મુક્ત સારૂં કહાવાયેલું છાણિયું ખાતર વાપરવું.

● પરોપજીવી નિંદણોનાં વ્યવસ્થાપન માટે પાકની ફેરબદલી અપનાવવી.

● વાવણી પહેલા ખેતરમાં પિયત આપી ઉગી નીકળતા નિંદણનો નાશ કરવો.

પુરતા ભાવ મેળવવા:-

● ખેડૂતો ધ્વારા કૃષિ ઉત્પાદનનો બગાડ અટકાવવા માટે અદ્યતન પોસ્ટ-હાર્વેસ્ટ હેન્ડલિંગ (યોગ્ય સમય અને પદ્ધતિથી લણણી, યોગ્ય રીતે એકઠા કરવા, સ્વચ્છ પાણીથી ધોઈ સૂકવવાં) પેકેજીંગ, પરિવહન તેમજ સંગ્રહ પદ્ધતિનો ઉપયોગ કરવા ભલામણ કરવામાં આવે છે જેથી ૨૦ થી ૪૦ % વધારે ખેત પેદાશ પ્રાપ્ય બને અને આવકમાં વધારો થાય.

● ખેડૂતોએ પોતાના ખેતરમાં ગ્રેડિંગ અને સામાન્ય પેકિંગ કરવું જોઈએ જે તેમના ઉત્પાદનના આશરે ૨૦% જેટલો ઊંચો ભાવ મેળવવામાં મદદરૂપ થશે.

● રાષ્ટ્રીય સ્તરે વિવિધ બજારો/ એ.પી.એમ.સી.માં જુદા જુદા ભાવનો લાભ મેળવવા ખેડૂતોએ એ.પી.એમ.સી.માં ઈ-નામ સુવિધા હેઠળ નોંધણી કરાવવી જોઈએ.

● ખેડૂતોએ ઉત્પાદનોના ઊંચા ભાવ માટે નજીકના ખેડૂત બજારમાં વેચાણ કરવું જોઈએ. આમ કરવાથી મધ્યસ્થીઓના શોષણને પણ નિયંત્રણમાં લાવી શકાય છે.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

તુવેરમાં ફૂલ-ફળ ખરતા અટકાવવા અને ફૂલ-ફળ વધારવા માટે આ સ્ટેજ પર નીચે આપેલ ખાતર અને કીટનાશકનું કોમ્બિનેશન સૌથી વધુ અસરકારક છે.

● બોરોન ૨૦% – ૧૫ થી ૨૦ ગ્રામ પ્રતિ ૧૫ લિટર પંપ.

● કેલ્શિયમ નાઈટ્રેટ – ૩૦ ગ્રામ પ્રતિ ૧૫ લિટર પંપ. મેગ્નેશિયમ સલ્ફેટ – ૩૦ ગ્રામ પ્રતિ ૧૫ લિટર પંપ.

NAA (૪.૫%) – ૧ થી ૧.૫ મિ.લિ. પ્રતિ ૧૫ લિટર પંપ.

● ઈમિડાક્લોપ્રિડ ૧૭.૮% – ૩ મિ.લિ. પ્રતિ ૧૫ લિટર પંપ.

અત્યારના સ્ટેજે ૧ સ્પ્રે કરવો ત્યાર બાદ ૧૨–૧૪ દિવસ પછી બીજો સ્પ્રે કરવો.

બાગાયત :-

● લીબુમાં થડેથી નીકળતા પીલા દૂર કરવા તથા ભલામણ મુજબના ખાતરો આપી દેવા.

● કેળ પાકમાંથી રોપણીના એક મહિના બાદ ૫૦૦ મિ.લિ. ૦.૫% ટ્રાયકોડમાં અને સ્યુડોમીનાસનું દ્રાવણ રેડવું.

● કેળની ખેતી કરતા ખેડૂતોને પ્રતિ હેક્ટર વધારેમાં વધારે ઉત્પાદન તેમજ આવક મેળવવા માટે "કેળની ગણદેવી સિલેકશન" જાત વાવવાની ભલામણ કરવામાં આવે છે.

● દાડમની ખેતીમાં ગાંઠયા કૃમિનું નિયંત્રણ માટે- મધ્ય ગુજરાતનાં દાડમની ખેતી કરતા ખેડૂતોને ગાંઠયા કૃમિના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે પોસીનોમાયસીસ લીલાસીનસ (૨*૧૦ બીજાણું/ ગ્રામ) ૨૦ કિ.ગ્રા/કે + દિવેલી ખોળ ૨ ટન /હે. ચોમાસાની શરૂઆતમાં અને ત્યારબાદ દર ૬ માસના આંતરે થડથી ૧૨ થી ૧૮ ઈંચ દૂર તથા આશરે ૯ ઈંચ ઊંડી રીંગ કરીને જમીનમાં મૂળ નજીક આપવાની ભલામણ કરવામાં આવે છે.

**આંબામાં ભૂકીછારાના નિયંત્રણના પગલા:-**

● ૧. કાર્બેનડેન્ઝીમ ૫૦ ડબલ્યુ.પી ૧ ગ્રામ/લિટર.

● ૨. કોપર ઓક્સીક્લોરાઈડ ૫૦ ડબલ્યુ.પી ૨.૪ ગ્રામ/લિટર.

● ૩. ડાયનોકેપ ૪૮% ઈસી ૦.૫ ગ્રામ/લિટર.

● ૪. હેક્સાકોનાઝોલ ૫% એસસી ૨ મિ.લિ./લિટર

● ૫. સલ્ફર ૮૦% ડબલ્યુ.પી ૩-૪ ગ્રામ/ લિટર

● ૬. ટેટ્રાકોનાઝોલ ૩- ૮% ઈડબલ્યુ ૧.૨૫ ગ્રામ/ લિટર

**બોર : ભૂકીછારો**

● રોગની શરૂઆત થાય કે તરત જ દ્રાવ્ય ગંધક ૮૦ વે.પા. ૩૦ ગ્રામ અથવા ડીનોકેપ ૪૮ ઈસી ૧૦ મિ.લિ. અથવા હેકઝાકોનાઝોલ ૫ ઈસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. બીજા બે છંટકાવ ૧૦ દિવસના અંતરે કરવા. ● પાણીની અછતવાળા વિસ્તારમાં ગંધકની ભૂકી હેક્ટરે ૨૫ કિ.ગ્રા. પ્રમાણે રાખ સાથે ભેળવીને સવારના સમયે ઝાકળ હોય ત્યારે રોગની શરૂઆત જણાય કે તરત જ છંટકાવ કરવો.

**નાળિયેરી :-** વાવેતર કર્યા પછી ૭/સાત મહિના બાદ નાળિયેરીના નવા પાન અચાનક સુકાઈ જવા લાગે ત્યારે નાળિયેરીના નવા પાંદડા ટોચથી સુકાઈ રહ્યા છે, પીળા પડી રહ્યા છે અને મધ્ય ભાગમાં કાળા-ભૂરા ટપકા દેખાય છે. આ લક્ષણો સામાન્ય રીતે ૨ મુખ્ય કારણો દર્શાવે છે:

**૧.** બોરોન (Broon)ની ખામી જે મુખ્ય કારણ છે, તેનાથી નવી કળી નબળી પડે છે અને ટોચથી સૂકાવાનું શરૂ થાય છે, પાન પર પીળા પટ્ટા બને છે અને બાદમાં કથ્થઈ (Brown) કલરના થાય છે.

**૨.** ફૂગજન્ય રોગ (Early Leaf Blight) પાંદડા પર નાના કાળા-ભૂરા ટપકા પડે છે અને પાનની ધાર કાળી થાય છે. જે શરૂઆતની ફૂગ અસર હોવાનું દેખાઈ રહ્યું છે.

**રાઈ:** નાઈટ્રોજન ૧૨.૫ કિલોગ્રામ / હેક્ટર વાવેતર બાદ ૩૦ અને ૬૦ દિવસે આપવો.

**રાઈની માખી :-**

● ઉપદ્રવની શરૂઆતમાં ઈયળોને હાથથી વીણી લઈ કેરોસીનવાળા પાણીમાં નાખી નાશ કરવો.

● આ જીવાતની વસ્તી ૨ ઈયળ / ચો. ફુટ કરતા વધારે હોય ત્યારે લીંબોળીનું તેલ ૫૦ મિ.લિ. + ૧૦ ગ્રામ કપડા ધોવાનો પાઉડર અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ (૧ ઈસી) થી ૪૦ (૦.૧૫ ઈસી) મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. તેમ છતાં ઉપદ્રવ કાબુમાં ન આવે તો કિવનાલફોસ ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**મકાઈ: પાનનો સુકારો / ટર્સીકમ લીફ બ્લાઈટ**

● રોગની શરૂઆતમાં ગૌમૂત્ર ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) અથવા લીમડાના પાનનો અર્ક ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) નો છંટકાવ વાવણીના ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ દિવસે કરવો અથવા એઝોક્સીસ્ટ્રોબીન ૧૮.૨ % + ડાયફેનોકોનાઝોલ ૧૧.૪ % એસસી (૯.૨ મિ.લિ. / ૧૦ લિટર પાણી) ના ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

**દિવેલા:** ડોડવા (ઘાંટા) કોરી ખાનાર ઈયળ

● ખેતરમાં પ્રકાશપિંજર ગોઠવી ફૂદીઓને મોટી સંખ્યામાં આકર્ષીને નાશ કરી શકાય.

● બેસીલસ થુરીન્જીન્સીસ નામના રોગપ્રેરક જીવાણુનો પાઉડર ૨૦ ગ્રામ અથવા બ્યુવેરીયા બેસીયાના નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.


● કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિ.લિ. અથવા ફેનવાલરેટ ૨૦ ઈસી ૫ મિ.લિ. અથવા ડેલ્ટામેથ્રીનથી નિયંત્રણ કરી શકાય

● રીંગણ, ટમેટી, મરચી તથા ડુંગળીના ધરૂવાડીયામાં આવતા રોગો તથા તેનું નિયંત્રણ.

| પાકનું નામ | રોગનું નામ | રોગના ઓળખ ચિહ્નો | નિયંત્રણના પગલા |
|---|---|---|---|
| મરચી<br>રીંગણી<br>ટમેટી | ધરૂ મૃત્યુ તથા સુકારો | ધરૂવાડીયામાં છોડ ચીમળાઈને/ સુકાઈને મરી જાય છે | બીજને કાર્બેન્ડાઝીમનો પટ આપવો (૨ થી ૩ ગ્રામ / કિલો)<br>૧૫ દિવસ બાદ મેંટાલેકસીલ એમ ઝેડ (રીડોમીલ) ૨૭ ગ્રામ /૧૦ લિટરનું દ્રાવણ એક લિટર/ ગ્રામ મુજબ ઝારાથી કયારામાં નિતારવું. |
| મરચી, ટમેટી | કોકડવા | પાન કોકડાઈ જાય, વાંકા વળી જાય અને છોડ નાનો રહે | રોગવાળા ધરૂને શરૂઆતથી ઉપાડી નાશ કરવો. કાર્બાફયુરાન-૩-જી આપવું. |
| | | | ત્યાર બાદ ડાયમેથ્રોએટ ૧૦ મિ.લિ. ૧૦ લિટરનો વારાફરતી ૧૦ દિવસના અંતરે છંટકાવ કરવો. |

# ટમેટામાં આવતા રોગો અને તેનું સંકલિત વ્યવસ્થાપન





બંસી ભૂત, વ્રજેશ પાઘડાર,
વી.એ. સાવલિયા અને જે.આર. તળાવીયા
વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

**આગોતરા ઝાળ :-** આ રોગ ફૂગજન્ય છે. શરૂઆતમાં પાંદડાઓ પર ગોળ કે અનિયમિત આકારના, નાના–મોટા બદામીથી કાળાશ પડતા ટપકા જોવા મળે છે, જેના મધ્ય ભાગમાં ગોળાકાર કુંડાળાઓ હોય છે. કેટલીક જગ્યાએ ટપકાં ભેગા થઈ મોટા ડાઘ થાય છે અને પાન સુકાઈને ખરી પડે છે. રોગની તીવ્રતા વધુ હોય તો ફળ ઉપર અને છોડની ડાળી પર પણ બદામી કાળા રંગના ડાઘ પડે છે. આમ, આખરે રોગિષ્ટ છોડ સુકાય છે.

**નિયંત્રણ :**

» રોગમુક્ત બિયારણનો વાવવા માટે ઉપયોગ કરવો.

» ટમેટી વાવતી વખતે બિયારણને ૨.૫ ગ્રામ થાયરમ પ્રતિ કિલો બિયારણ દીઠ પટ આપવો.

» ટમેટી વાવ્યા બાદ બે મહિના પછીથી અઠવાડિયાથી પંદર દિવસના અંતરે, મેંકોઝેબ ૭૫% વે.પા. દવા ૨૭ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં અથવા ક્લોરોથેલોનીલ ૭૫% વે.પા. દવા ૨૭ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં અથવા એઝોક્સિસ્ટ્રોબિન ૧૮.૨% + ડાઈફેનોકોનાઝોલ ૧૧.૪% એસ.સી.૧૦ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઘોળીને છંટકાવ કરવો.

**પાછોતરો ઝાળ :-** આ રોગ ફુગથી થાય છે. જેમાં પાન, પાનની દાંડી અને થડ ઉપર આછા કથ્થઈ કે ભુરાશ પડતા રંગના અનિયમિત આકારના ડાઘાની સંખ્યા અને કદ ખુબ જ ઝડપથી વધે છે. પાનની નીચેની સપાટી પર સફેદ ફૂગ જોવા મળે છે. રોગની તીવ્રતા વધુ હોય તો રોગિષ્ટ છોડમાંથી ખરાબ વાસ આવે છે તેમજ ફળની ઉપરના અડધા ભાગ પર ડાઘા પડે છે તેમજ આવું રોગીષ્ઠ ફળ ચીમળાઈ જાય છે. છોડ થડના ભાગેથી ચિમળાઈને છોડ મરી જાય છે.

**નિયંત્રણ :**

» રોગમુક્ત વિસ્તારમાંથી બીજની પસંદગી કરવી.

» રોગ દેખાય કે તરત જ મેંકોઝેબ ૭૫% વે. પા. દવા ૨૭ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં અથવા કોપરઓક્સીક્લોરાઈડ ૫૦% વે.પા. દવા ૪૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીની જરુરિયાત મુજબ ૧૦ થી ૧૫ દિવસનાં અંતરે ૩થી ૪ છંટકાવ કરવા અથવા મેટલેક્સિલ ૮% અને મેન્કોઝેબ ૬૪% ૨૮ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

» નાઈટ્રોજન યુક્ત ખાતર અને પિયત સપ્રમાણ આપવું.

» રોગીષ્ઠ છોડનો નાશ કરવો.

**ટામેટાનો કોકડવા :-** આ રોગ સફેદ માખીથી ફેલાય છે. પાન પીળા પડીને કોકડાઈ જાય છે. છોડ વામણો રહે છે અને પાકનો ઉતારો અડધો મળે છે અથવા મળતો નથી.

**નિયંત્રણ :**

» સફેદ માખીનાં નિયંત્રણ માટે ૬ થી ૭ વખત શોષક પ્રકારની જંતુનાશક દવાનાં છંટકાવ અવારનવાર કરવા.

**સુકારો :-** આ રોગ ફ્યુઝેરિયમ ઓક્ઝિસ્પોરમ નામની ફૂગથી થાય છે. રોગગ્રસ્ત છોડમાં શરૂઆતમાં પાંદડાં નીચે લટકવા લાગે છે અને ધીમે ધીમે પીળાશ દેખાય છે. ત્યારબાદ છોડ સંપૂર્ણ રીતે સુકાઈ જાય છે. રોગગ્રસ્ત છોડને ઉપાડી મૂળને ચીરવામાં આવે તો તેની વાહક નલિકાઓ અંદરથી બદામી રંગની દેખાય છે.

**નિયંત્રણ :**

» બીજને ધરુવાડિયામાં વાવતા પહેલા કાર્બેન્ડઝીમ ૫૦% વે.પા. દવા ૩ ગ્રામ પ્રતિ કિલો પ્રમાણે માવજત આપવી.

» ટમેટાના પાકને વાવવાના ખેતરમાં લીલો પડવાશ કરવો અથવા છાંણીયા ખાતરનો સપ્રમાણ ઉપયોગ કરવાથી રોગ મહ્દઅંશે નિવારી શકાય છે.

» પાક ૧ થી ૨ માસનો થાય ત્યારે, અથવા રોગના લક્ષણ પાકમાં જોવા મળે ત્યારે કાર્બેન્ડઝીમ ૫૦% વે. પા. દવાનું દ્રાવણ ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણીમાં થડ પાસે જમીનમાં ૫૦ થી ૧૦૦ મિ.લિ. આપવું.

» ધરુ વાવતા પહેલા ટ્રાઈકોડ્ર્માનું કલ્ચર દરેક ખામણે આપવાથી રોગનું જૈવિક નિયંત્રણ ફાયદાકારક રહે છે.

**બળિયા ટપકાંનો રોગ :-** આ રોગ ઝેનથોમોનાઝ કેમ્પેસ્ટ્રીસ નામના બેક્ટેરિયા (જીવાણુ) દ્વારા થાય છે. ઓગસ્ટથી સપ્ટેમ્બર માસ દરમિયાન આ રોગનું પ્રમાણ સામાન્ય રીતે વધુ જોવા મળે છે, જેના કારણે ટામેટાની બજારમાં કિંમત પણ ઘટી જાય છે. રોગના લક્ષણોમાં પાન, થડ, પર્ણદંડિકા અને ફળ પર પાણી જેવા પોચા, ખરબચડા અને બદામીથી કાળા રંગના વિસ્તૃત ભાગો જોવા મળે છે. રોગગ્રસ્ત ભાગની આજુબાજુ ધોળો આભાવાળો વર્તુળાકાર વિસ્તાર જોવા મળે છે. ચેપ વધુ વધે ત્યારે ટામેટાના છોડના પાન સુકાઈ જવા લાગે છે.

**નિયંત્રણ :**

» ● સ્ટ્રેપ્ટોસાઈક્લીન ૧ ગ્રામ + ૧૦ ગ્રામ કોપર ઓક્સીક્લોરાઈડ ૫૦% વે. પા. ૧૦ લિટર પાણીમાં ઓગાળી છોડ ઉપર છંટકાવ કરવાથી નિયંત્રણ જોવા મળે છે.

**મૂળની ગાંઠ :-** આ કૃમિથી થતો રોગ છે. આ રોગમાં મૂળ ઉપર ગાંઠો જોવા મળે છે. છોડના પાન નીચે ઢળી પડે છે. અને એકદમ સુકાઈ જાય છે. જેથી છોડનો વિકાસ રૂંધાય છે. આવા રોગમાં છોડનો વિકાસ પૂરતો જોવા મળતો નથી.

**નિયંત્રણ :**

» ઉંડી ખેડ કરવી અને પાકની ફેરબદલી કરવી.

» ટ્રાઈકોડર્મા હરજીએનમ અથવા પોચોનિયા ક્લેમાયડોસ્પોરિયા અથવા પ્સુડોમોનાસ ફ્લુરોસન્સને ૨૦ ગ્રામ પ્રતિ કિલોગ્રામ બીજને માવજત આપી વાવેતર કરવું.

# જીરૂ પાકની વૈજ્ઞાનિક ખેતી



જીરૂ એ બીજ મસાલા પાકોમાં ખૂબ જ અગત્યનો અને વિદેશી હુંડિયામણ કમાવી આપનાર મહત્વનો રોકડીયો પાક છે. જે એપીયાસી કૂળ અને પર પરાગનયન ધરાવતો પાક છે. જીરુ એ સૂકા અને અર્ધ સૂકા વિસ્તારમાં રવિ (શિયાળુ) ઋતુમાં થતો અગત્યનો પાક છે. જીરૂનો પાક અન્ય રવિ પાકોની સરખામણીમાં ટૂંકા ગાળામાં, ઓછી મહેનતે અને ઓછા ખર્ચે, ઓછી જગ્યામાં વધુ વળતર આપતો બીજ મસાલા પાક છે. દુનિયામાં ભારત જીરૂના ઉત્પાદન, વપરાશ અને વિકાસમાં પ્રથમ નંબરનો દેશ છે. તેથી જ તો ભારત એ 'બીજ મસાલા પાકોનું ઘર' તરીકે ઓળખાય છે. જીરૂનું વાવેતર દેશમાં ગુજરાત અને રાજસ્થાન રાજ્યના સૂકા અને અર્ધસૂકા જિલ્લાઓમાં થાય છે. ગુજરાત રાજ્ય બીજ મસાલા પાકોના ઉત્પાદનમાં અગ્રિમ હરોળમાં સ્થાન ધરાવે છે. ગુજરાત રાજ્યમાં જીરૂ ઉત્તર ગુજરાતમાં ખાસ પ્રમાણમાં થાય છે. દેશના જીરુ, વરિયાળી, સુવા અને અજમાના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો નોંધપાત્ર છે. ચાલુ વર્ષે જીરૂના વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં વર્ષ ૨૦૧૦-૧૧ની સાપેક્ષમાં અનુક્રમે ૬૯, ૧૧૯ અને ૩૦ ટકાના વધારા સાથે ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ નંબરે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં રાજ્યમાં બીજ મસાલાના પાકો પૈકી વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં જીરૂ પાકનો ફાળો અનુક્રમે ૫.૪૭ લાખ હે., ૪.૦૮ લાખ હે., ૬૯૫ કે.જી/હે., જેટલો થાય છે. જીરૂની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિને લીધે જીરૂનું ઉત્પાદન સાથે આવક વધતા જીરૂની ખેતી કરવાનો ઉત્સાહ દર વર્ષે ખેડૂતોમાં વધતો જ જાય છે. ગુજરાત રાજ્યના ઉંઝા ખાતે એશિયાનું સૌથી મોટુ ખેતીવાડીનું માર્કેટિંગ યાર્ડ આવેલ છે. તેમજ ગુજરાતમાં સરદાર કૃષિનગર દાંતીવાડા એગ્રિ. યુનિવર્સીટી, દાંતીવાડા, મસાલા સંશોધન કેન્દ્ર, જગુદણ (મહેસાણા) ખાતે આવેલ છે.

ડો.રાકેશ.એસ. પરમાર
સહ પ્રાધ્યાપક અને સહ પ્રાધ્યાપક અને હેડ,
જનીનવિધા અને પાક સંવર્ધન વિભાગ,
કૃષિ મહાવિધાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી,
મોટા ભંડારીયા (અમરેલી)

હાલમાં અલગ અલગ હવામાનના તાપમાનમાં સામાન્ય ફેરફાર પણ પાકને નિષ્ફળ બનાવે છે, જેથી જોખમી પાક ગણાય છે. તેથી જે ખેડૂતો જીરાની ખેતી કરવા માંગતા હોય તેમણે જીરૂની વૈજ્ઞાનિક ખેતીનો અભ્યાસ કર્યા પછી સમજ કેળવીને ત્યાર બાદ જ ખેતી કરવી જોઈએ. આ પાક જોખમી હોવાથી આબોહવા તેમજ જમીન ખાસ કરીને સારા નિતારવાળી રેતાળ, ગોરાડું તેમજ સારી નિતારશક્તિવાળી મધ્યમ કાળી જમીન વધુ સાનુકૂળ આવે છે. કારીયા જમીનમાં પણ જીરાની ખેતી કરી શકાય છે. જીરૂના પાકને ચોખ્ખું, ઝાકળમુક્ત, સૂકું અને ઠંડુ હવામાન માફક આવે છે. વૃદ્ધિ તબક્કાથી દાણો બેસવાની અવસ્થા દરમ્યાન વાદળ વિનાનું ઠંડુ અને સૂકું હવામાન ખૂબ જ અનુકૂળ છે. **(ક્રમશઃ)**

# રાજકોટ નજીક ખોડલધામ કેન્સર હોસ્પિટલનો ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ

રાજકોટ,તા.૨૧

રાજકોટ નજીક અમરેલી ગામ પાસે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા નિર્માણ પામનાર ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનો ફાઈનલ માસ્ટર પ્લાન આજે રજૂ કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ તથા ટાટા મેમોરિયલ હોસ્પિટલના પદ્મશ્રી ડો. રાજેન્દ્ર અચ્યુત બડવેની ઉપસ્થિતિમાં હોસ્પિટલની ડિઝાઈન,



ઈન્ટિરિયર અને સુવિધાઓનું પ્રેઝન્ટેશન રજૂ થયું. પ્રથમ ફેઝમાં ૩૩ એકર જમીન પર ૨૨૦ બેડની અદ્યતન હોસ્પિટલનું નિર્માણ થશે. અહીં કેન્સરનું નિદાન, સારવાર અને રિસર્ચ એક જ છત હેઠળ મળશે. ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને વિનામૂલ્યે અથવા ટોકન દરે સારવાર મળશે. હોસ્પિટલ નફો-નુકસાન વગર સમાજસેવાના હેતુથી કાર્ય કરશે અને સૌરાષ્ટ્ર માટે આશીર્વાદરૂપ બનશે. આ ફાઈનલ માસ્ટર પ્લાન રજૂ કરવાના પ્રસંગે ટ્રસ્ટીઓ, સર્વ સમાજના ઉદ્યોગપતિઓ, ડોક્ટરો, વિવિધ સમાજના અગ્રણીઓ સહિતના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોંગ્રેસ દ્વારા ઉભી કરાયેલી સમસ્યાઓનું ભાજપ સરકાર નિરાકરણ લાવી રહી છે : પીએમ મોદી

ડિબ્રુગઢ,તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આસામની મુલાકાતે છે. પીએમ મોદીએ ડિબ્રુગઢમાં ખાતર ફેક્ટરીનો શિલાન્યાસ કર્યો. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદીએ એક જાહેર સભાને પણ સંબોધિત કરી. પીએમ મોદીએ કહ્યું કે ઔદ્યોગિકરણ અને કનેક્ટિવિટી આસામના યુવાનોને મોટા સપના જોવા સક્ષમ બનાવી રહ્યા છે. પીએમ મોદીએ ફરી



એકવાર આસામથી કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું. પીએમ મોદીએ કહ્યું, "આજે, અમારી ડબલ એન્જિન સરકાર પણ કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉભી કરાયેલી સમસ્યાઓનું નિરાકરણ લાવી રહી છે. આસામની જેમ, દેશના અન્ય રાજ્યોમાં પણ ઘણી ખાતર ફેક્ટરીઓ બંધ થઈ ગઈ હતી."

જનતાને સંબોધતા, પીએમ મોદીએ કહ્યું, "પહેલાં, ખેડૂતોને યુરિયા માટે લાઈનોમાં ઊભા રહેવું પડતું હતું, અને પોલીસ ખેડૂતો પર લાઠીચાર્જ કરતી હતી. કોંગ્રેસ દ્વારા વધુ ખરાબ થયેલી પરિસ્થિતિને સુધારવા માટે અમારી સરકાર અથાક મહેનત કરી રહી છે."

ડિબ્રુગઢમાં બોલતા, પીએમ મોદીએ કહ્યું, "આ કોંગ્રેસ પાર્ટી હજુ પણ રાષ્ટ્રવિરોધી વિચારસરણીને પ્રોત્સાહન આપી રહી છે. આ લોકો બાંગ્લાદેશી ઘૂસણખોરોને આસામના જંગલો અને જમીનમાં વસાવવા માંગે છે. તેઓ ફક્ત તેમની વોટ બેંકને મજબૂત કરવા માંગે છે; તેમને તમારી પરવા નથી." કોંગ્રેસને તમારી ઓળખ સાથે કોઈ લેવાદેવા નથી.

# આર્મી ડે જાહેરમાં યોજાશે, પહેલી વાર જયપુરમાં લશ્કરી ઉજવણી

જયપુર,તા.૨૧

અગાઉ, આર્મી ડે નિમિત્તે લશ્કરી છાવણીઓમાં મોટા કાર્યક્રમો યોજાતા હતા, પરંતુ આ વખતે આ કાર્યક્રમો જાહેરમાં યોજાશે. રાજસ્થાનમાં પહેલી વાર જયપુરમાં લશ્કરી ઉજવણી યોજાશે. જયપુરના જગતપુરા મહેલ રોડ પર લશ્કરી જવાનો દ્વારા પરેડનું આયોજન કરવામાં આવશે. આવી પરેડ સામાન્ય રીતે દિલ્હીમાં યોજાતી હોય છે, પરંતુ પહેલી વાર જયપુરને પરેડ માટે પસંદ કરવામાં આવ્યું છે.

૧૫ જાન્યુઆરી, આર્મી ડેના રોજ, જયપુરમાં લશ્કરી પરેડ યોજાશે, જેમાં અન્ય ઘણા કાર્યક્રમો પણ સામેલ હશે. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ પરેડ એક અદ્‌ભુત દૃશ્ય હશે. ભારતીય સેનાના વિવિધ રેજિમેન્ટની ટુકડીઓ પરેડમાં ભાગ લેશે. પરેડ લગભગ ત્રણ કિલોમીટર સુધી ચાલશે. સૌથી અગત્યનું, માર્ચ પાસ્ટમાં અસંખ્ય લશ્કરી વિમાનો અને હેલિકોપ્ટર પણ સામેલ કરવામાં આવશે, જે પરેડની ભવ્યતામાં વધારો કરશે.

# દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં અંધાધૂંધ ગોળીબારમાં ત્રણ બાળકો સહિત ૧૧ લોકોના મોત

જોહાનિસબર્ગ,તા.૨૧

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગના પશ્ચિમમાં અંધાધૂંધ ગોળીબાર થયો છે. ગોળીબાર દરમિયાન ૨૦ લોકોને ગોળી વાગી છે. ગોળીબારમાં ત્રણ બાળકો સહિત ૧૧ લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું હતું કે હુમલાખોરો ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા અને કોઈની ધરપકડ કરવામાં આવી નથી. હુમલા પાછળનો હેતુ હજુ સ્પષ્ટ



નથી. પોલીસે જણાવ્યું હતું કે રસ્તા પર ચાલતા ઘણા લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ગૌટેંગ પ્રાંતીય પોલીસ પ્રવક્તા બ્રિગેડિયર બ્રેન્ડા મુરિડિલીએ જણાવ્યું હતું કે તેમની પાસે હુમલાખોરો વિશે કોઈ માહિતી નથી. ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે. અહેવાલો દર્શાવે છે કે ગોળીબાર દક્ષિણ આફ્રિકાની કેટલીક સૌથી મોટી સોનાની ખાણોની નજીક સ્થિત દારૂની દુકાન પાસે થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ સ્થળે ગેરકાયદેસર દારૂ પણ વેચાતો હતો. ગૌટેંગના કાર્યકારી પોલીસ કમિશનર ફ્રેડ કેકાનાએ જણાવ્યું હતું કે, "નિવેદનો લેવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય ગુના અને વ્યવસ્થાપન ટીમો ઘટનાસ્થળે છે.

# પંજાબમાં ઉજ્જવલા યોજનામાં ૧.૨૧ લાખ લોકોએ એક વાર પણ સિલિન્ડર રિફિલ કર્યા નથી


ચંદીગઢ,તા.૨૧

કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના પંજાબમાં અટકી પડી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, ૧.૨૧ લાખ લોકોએ એક વાર પણ સિલિન્ડર રિફિલ કર્યા નથી, જ્યારે ૯૯ હજાર લોકોએ ફક્ત એક જ વાર સિલિન્ડર રિફિલ કર્યા છે. આનાથી યોજના પર પ્રશ્નો ઉભા થયા છે. ગરીબ પરિવારોને સ્વચ્છ રસોઈ ગેસ પૂરો પાડવા માટે આ યોજના શરૂ કરવામાં આવી હતી, પરંતુ વર્તમાન પરિસ્થિતિ યોજનાના અમલીકરણમાં પડકારોને પ્રતિબિંબિત કરે છે. કેન્દ્ર સરકારે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં આ આંકડા આપ્યા હતા. અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૩-૨૪માં, ૯૩,૬૨૨ લાભાર્થીઓએ એક વાર પણ તેમના સિલિન્ડર રિફિલ કર્યા ન હતા, જ્યારે ૧.૦૪ લાભાર્થીઓએ ફક્ત એક જ વાર તેમના સિલિન્ડર રિફિલ કર્યા હતા. વર્ષ ૨૦૨૨-૨૩માં સમાન આંકડા નોંધાયા હતા, જેમાં ૯૦,૨૩૩ લાભાર્થીઓએ તેમના સિલિન્ડર રિફિલ કર્યા ન હતા.

# ઘણા લોકો ભાજપના દ્રષ્ટિકોણથી આરએસએસને સમજવાનો પ્રયાસ કરે છે, જે એક મોટી ભૂલ છે : ભાગવત

કોલકતા,તા.૨૧

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત હાલમાં પશ્ચિમ બંગાળની ચાર દિવસની મુલાકાતે છે. ઉત્તર બંગાળથી કોલકાતા પહોંચેલા ભાગવતે સાયન્સ સિટી ઓડિટોરિયમમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કર્યો. પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે જો તમે RSS ને સમજવા માંગતા હો, તો સરખામણી ગેરસમજ તરફ દોરી જશે. જો તમે આરએસએસને ફક્ત એક સેવા સંગઠન તરીકે વિચારો છો, તો તમે ખોટા હશો. આરએસએસ વડાએ કહ્યું કે ઘણા લોકો RSS ને ભાજપના દ્રષ્ટિકોણથી સમજવાનું વલણ ધરાવે છે, જે એક ગંભીર ભૂલ છે. આરએસએસની સ્થાપનાનો સાર એક જ વાક્યમાં સમાયેલ છે: "ભારત માતા કી જય." તેમણે કહ્યું કે ભારત ફક્ત એક દેશ નથી, પરંતુ




તેની અનન્ય સંસ્કૃતિ, પરંપરા અને પ્રકૃતિનું નામ છે. આરએસએસનો ધ્યેય આ મૂલ્યોને જાળવી રાખીને ભારતને ફરીથી વિશ્વ નેતા બનાવવા માટે સમાજને તૈયાર કરવાનો છે. ભાગવતે સ્પષ્ટતા કરી કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો જન્મ કોઈ રાજકીય હેતુ, સ્પર્ધા અથવા વિરોધ માટે થયો નથી. તેમણે કહ્યું કે આરએસએસ હિન્દુ સમાજના સંગઠન, પ્રગતિ અને રક્ષણ માટે સંપૂર્ણપણે સમર્પિત છે. ભાગવતે આરએસએસની ભૂમિકા સમજાવવા માટે ઐતિહાસિક ઉદાહરણો પણ ટાંક્યા.

# ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં ગાઢ ધુમ્મસ : ઓરેન્જ એલર્ટ જાહેર

નવીદિલ્હી,તા.૨૧

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં ખૂબ ગાઢ ધુમ્મસ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઓડિશા, દિલ્હી એનસીઆર, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને ઉત્તરપૂર્વીય રાજ્યો માટે પણ ધુમ્મસ માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. જમ્મુ અને કાશ્મીર માટે પણ હળવા વરસાદની ચેતવણી



જારી કરવામાં આવી છે. મહારાષ્ટ્ર, કર્ણાટક અને કેરળમાં તાપમાન સામાન્ય કરતાં ઓછું રહેવાની ધારણા છે. આવી સ્થિતિમાં, ઠંડીથી બચવા માટે લોકોને સાવધ રહેવાનું કહેવામાં આવ્યું છે. હવામાન વિભાગે તેની X પોસ્ટમાં જણાવ્યું હતું કે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને હરિયાણાના કેટલાક વિસ્તારોમાં ૨૧મી તારીખે રાત્રે અને સવાર સુધી ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાયેલું રહેવાની આગાહી કરી હતી. ૨૫મી થી ૨૭મી તારીખે પંજાબ અને હરિયાણાના કેટલાક વિસ્તારોમાં પણ આ જ હવામાન પેટર્ન રહેવાની શક્યતા છે. ૨૬મી અને ૨૭મી તારીખે પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે.

# કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની જનકલ્યાણ શિવવંદના પદયાત્રાનો ભવ્ય આરંભ

જસદણ,તા.૨૧

જસદણ નજીક આવેલા ઐતિહાસિક ઘેલા સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ૨૨૯ કિ.મી. લાંબી જનકલ્યાણ શિવવંદના પદયાત્રાનો ધર્મમય પ્રારંભ કર્યો. પૂજન-અર્ચન અને ધ્વજારોહણ સાથે 'હર હર મહાદેવ'ના નાદે સમગ્ર વિસ્તાર શિવમય બની ગયો. યાત્રાનો હેતુ માત્ર ધાર્મિક નહીં પરંતુ જનતા સાથે સીધો સંવાદ કરી સરકારની યોજનાઓ



છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો છે. માર્ગમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. યાત્રા દરમિયાન લોકસંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ૨૭ ડિસેમ્બરે સોમનાથ મહાદેવના ચરણે યાત્રાનો વિરામ થશે.

# ધોરાજી પોલીસે એક વર્ષથી નાસતા આરોપીને ઝડપી લીધો

**આરોપી સામે ફોજદારી પરચુરણ અરજી નં. ૪૨૮-૨૦૨૪ અંતર્ગત કાર્યવાહી કરાઈ**

ધોરાજી,તા.૨૧

ધોરાજી સીટી પોલીસે એક વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ જૂનાગઢ ફેમિલી કોર્ટના સજા વોરંટ સંદર્ભે આરોપી ઈકબાલભાઈ આમદભાઈ ફરાર હતો. ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.એસ. ગરચર તથા સર્વેલન્સ સ્કવોડના પો.સબ.ઈન્સ. આર. બી. બલદાણીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે તપાસ કરી આરોપીને ઝડપી લીધો હતો. આરોપી સામે ફોજદારી પરચુરણ અરજી નં. ૪૨૮-૨૦૨૪ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી છે.

# કોડીનારમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું ઘર-ઘર સંપર્ક અભિયાન શરૂ

કોડીનાર, તા.૨૧

કોડીનાર નગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સંઘ શતાબ્દી વર્ષ નિમિત્તે ઘર-ઘર સંપર્ક અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તારીખ ૧૩ ડિસેમ્બર ૨૦૨૫થી ૪ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચાલનારા આ અભિયાનમાં ૨૪ ટુકડીઓ અને ૧૬૦થી વધુ સ્વયંસેવકો દ્વારા નગરની ૭ વસ્તીના ૮,૬૯૦થી વધુ ઘરોમાં સંપર્ક સાધવામાં આવી રહ્યો છે. પત્રિકા, પુસ્તક અને સંવાદના



માધ્યમથી સમાજ સાથે સીધો સંપર્ક કરવામાં આવી રહ્યો છે. નગરમાં અભિયાનને સારો પ્રતિસાદ મળી રહ્યો હોવાનું સંઘના નગર કાર્યવાહ રાજેશ સોલંકીએ જણાવ્યું હતું.

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૭૩/૨૦૨૫ તા.૧૫/૧૦/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. પીત્રોડા મગનભાઈ પ્રાગજીભાઈ
રહે. જેસર રોડ, ઘનશ્યામનગર સોસાયટી, સાવરકુંડલા

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી. અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી દક્ષાબેન મગનભાઈ ચિત્રોડાનો જન્મ તા.૦૭/૧૨/૧૯૮૦ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# ચલાલાના પરિવારે લગ્નનો દોઢ લાખનો ચાંદલો ટીંબીની હોસ્પિટલમાં દાનમાં આપ્યો

અમરેલી, તા.૨૧

ટીંબીની સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલના કાયમી શુભેચ્છક અને દાતા ચલાલાના વતની ગોરધનભાઈ પરષોત્તમભાઈ ગેડીયા પરિવારમાં તા.૧૩.૧૨.૨૦૨૫ ના રોજ યોજાયેલ ચિ. કાર્તિક સંગ ઉર્વી, ચિ.યશ સંગ દર્શિતા અને ચિ. દ્રષ્ટિ સંગ વંશીલના લગ્ન પ્રસંગે એકત્રિત થયેલ ચાંદલાના રૂ.૧,૫૧,૦૦૦ની રકમને હોસ્પિટલના દર્દીનારાયણના લાભાર્થે અર્પણ કરી છે.



પરષોત્તમભાઈ વલ્લભભાઈ ગેડીયા અને પરિવારજનો રકમ અર્પણ કરવા માટે ટીંબી હોસ્પિટલ પહોંચ્યા હતા, જેમનું પૂજ્યપાદ સદગુરૂ લિખિત જિજ્ઞાસુ પિયુષ અને શાલ અર્પણ કરીને વહીવટકર્તા ટ્રસ્ટી બી.એલ રાજપરા દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. નવદંપતીઓનું લગ્નજીવન સુખી, શાંતિમય અને સમૃધ્ધ નીવડે તેવી શુભેચ્છા સાથે ટ્રસ્ટીમંડળે દાતા પરિવારનો આભાર માન્યો હતો.

# સંઘવી મહિલા કોલેજ અને પીએનઆર સોસાયટી દ્વારા નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો

રાજુલા, તા.૨૧

એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગ અને ભાવનગરની પી.એન.આર સોસાયટી ફોર રિલીફ એન્ડ રિહેબિલિટેશન ઓફ ધ ડિસેબલ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, કેમ્પસ ડાયરેક્ટર ડો. જીગ્નેશભાઈ વાજા, કારોબારી સભ્ય બીપીનભાઈ લહેરી તથા



તસવીર : ગોપાલ રાઠોડ


મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ કેમ્પને ખુલ્લો મૂકવામાં આવેલ. જીજ્ઞાબેન સોલંકી તથા કેતનભાઈ રૂપેરાના માર્ગદર્શનમાં આ કેમ્પ સફળ થયેલ. આ કેમ્પમાં ૮૫થી વધુ દર્દીઓએ રજીસ્ટ્રેશન કરાવીને લાભ મેળવેલ. કોલેજના પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળ તથા એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર જાગૃતિબેન તેરૈયા તથા ભગવતીબેન વડીયા તથા સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

### જિલ્લામાં વારંવાર વન્યપ્રાણીઓના હુમલાથી ખેતીકામ કરવું મુશ્કેલ

# ધારીના ગોપાલગ્રામમાં દીપડાએ હુમલો કરતા પાંચ વર્ષના બાળકનું મોત

**અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓના હુમલાઓમાં નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે**

ધારી, તા.૨૧





તસવીર : સંજય વાળા

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓના હુમલાઓમાં નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે. જેમાં ખાસ કરીને ખેતમજૂરોના બાળકો વન વિભાગની બેદરકારીનો ભોગ બની રહ્યા છે. ધારી તાલુકાના ગોપાલગ્રામમાં દીપડાના હુમલામાં પાંચ વર્ષના બાળકનું મૃત્યુ થયું છે. આ ઘટના સવારે આશરે ૮:૩૦ વાગ્યે બની હતી, જેમાં સાહિલ રાકેશભાઈ કટારા નામના બાળકનું મૃત્યું થયું છે. સાહિલ પોતાના પરિવાર સાથે વાડીએ કામ કરી રહ્યો હતો. તે સમયે તુવેરના પાકમાં છુપાયેલા દીપડાએ અચાનક તેના પર હુમલો કર્યો હતો. દીપડાએ હુમલો કરતા બાળકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. મૃતદેહને તાત્કાલિક ગોપાલગ્રામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. વન વિભાગે દીપડાને પકડવા માટે આસપાસના વિસ્તારોમાં સાત પાંજરા ગોઠવ્યા હતા અને દીપડાને પાંજરામાં પુરવામાં સફળતા મળી હતી. છાસવારે માનવ જીંદગીને ભરખી જતી આવી ઘટનાઓ બનતી હોવા છતા જંગલખાતાના એક પણ અધિકારી કે કર્મચારી સામે કોઈપણ કાર્યવાહી થતી નથી. ફકત પંજરા ગોઠવી કામગીરી કર્યાનો સંતોષ માનવામાં આવે છે.

# માંડવી બીચ ફેસ્ટિવલ ૨૦૨૫નો રંગારંગ પ્રારંભ, ૧૧ દિવસ સુધી સંસ્કૃતિ અને મનોરંજનની ધમાલ

ભુજ,તા.૨૧




ગુજરાતના કચ્છ જિલ્લાના મનમોહક માંડવી બીચ પર ૧૧ દિવસીય માંડવી બીચ ફેસ્ટિવલનો રંગારંગ પ્રારંભ થયો છે. આ ફેસ્ટિવલ ૨૧ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે અને નવા વર્ષની ઉજવણી માટે પરફેક્ટ ડેસ્ટિનેશન બની રહેશે. ગુજરાત ટૂરિઝમ દ્વારા આયોજિત આ મહોત્સવમાં પ્રવાસીઓ માટે વિવિધ સાંસ્કૃતિક, સાહસિક અને મનોરંજનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. "કચ્છનું ઘરેણું" તરીકે પ્રખ્યાત માંડવી બીચ કચ્છના સૌથી સુંદર દરિયાકાંઠાના સ્થળોમાંનું એક છે. તેના શુદ્ધ કિનારા, સૌમ્ય મોજા, મનમોહક સૂર્યાસ્ત અને ઐતિહાસિક માંડવી કિલ્લા માટે વિશ્વભરમાં પ્રખ્યાત આ બીચ પ્રવાસીઓને અનોખો અને યાદગાર અનુભવ આપે છે. નજીકમાં આવેલો શાહી વિજય વિલાસ મહેલ અને પરંપરાગત જહાજ નિર્માણનો વારસો આ વિસ્તારની ભવ્યતામાં વધારો કરે છે. આ વખતે ફેસ્ટિવલ દરમિયાન હવામાન અત્યંત અનુકૂળ રહેવાની આગાહી છે. આગામી દિવસોમાં સ્પષ્ટ આકાશ, હળવી ઠંડક અને તાપમાન ૨૫-૩૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે, જે બીચ પ્રવૃત્તિઓ માટે આદર્શ છે.


# બનાસકાંઠામાં વિદ્યાર્થી ભૂવો બનીને ધૂણ્યો તો શિક્ષકોએ લીધી મજા

પાલનપુર,તા.૨૧

વાવ-થરાદની શાળાનો વીડિયો હાલ ઘણો જ ચર્ચામાં આવ્યો છે. પ્રાથમિક શાળામાં પ્રાર્થના કરતી વખતે એક બાળક ધૂણતો હોય તેવો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો આખા પંથકમાં વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો બનાસકાંઠાના દિયોદરનો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે, આ વીડિયો કઈ શાળાનો છે તે તો તપાસનો વિષય છે. આ વીડિયો સામે આવતા આ શિક્ષકો પર કાયદેસરના પગલાં લેવાય તેવી માંગ ઊઠી છે. આ વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, બાળક નીચે બેસીને ધૂણી રહ્યો છે અને તેની બાજુમાં જ ખુરશી નાખીને શિક્ષકો પણ બેઠા છે. આ શિક્ષકો તેને આવું કરવા માટે જાણે પ્રોત્સાહન આપતા હોય તેમ હસી રહ્યા છે. હસતાં હસતાં એક શિક્ષક તો ભૂવો બનેલા વિદ્યાર્થીના પગે પણ પડતા નજરે પડી રહ્યા છે. એક તરફ શાળામાં વિજ્ઞાનના પાઠ શીખવાડવામાં આવી રહ્યા છે તો બીજી તરફ શિક્ષકો જ બાળકોને અંધશ્રદ્ધામાં ધકેલતા હોવાનો વીડિયો સામે આવ્યો છે.

# રાજ્યમાં વાદળછાયું વાતાવરણ, ૧૨ ડિગ્રી સાથે અમરેલીમાં સૌથી નીચું તાપમાન

અમદાવાદ,તા.૨૧



ગુજરાતમાં હાલ ઠંડીનું પ્રમાણ આંશિક રીતે ઘટ્યું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો છે, જ્યારે ગઈકાલે બપોરે મહત્તમ તાપમાન ૩૨થી ૩૪ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ, હવે રાજ્યમાં ફરીથી ઠંડીનો ચમકારો વધશે. સૌથી નીચું તાપમાન અમરેલીમાં ૧૨ ડિગ્રી નોંધાયું છે. ગુજરાતના વિવિધ શહેરોમાં ગાંધીનગરમાં ૧૪.૬ ડિગ્રી, ડીસામાં ૧૪.૫ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૧૫.૦ ડિગ્રી, વડોદરામાં ૧૩.૨ ડિગ્રી, સુરતમાં ૧૪.૮ ડિગ્રી, દમણમાં ૧૫.૪ ડિગ્રી, ભુજમાં૧૭.૯ ડિગ્રી, નલિયામાં ૧૪.૦ ડિગ્રી, કંડલા એરપોર્ટમાં ૧૪.૪ ડિગ્રી, ભાવનગરમાં ૧૪.૬ ડિગ્રી અને રાજકોટમાં ૧૫.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાનમાં નોંધાયુ છે. મધ્ય ગુજરાતના અમદાવાદ અને ગાંધીનગરમાં ઠંડીનું પ્રમાણ હજુ યથાવત છે. હવામાન વિભાગના અંદાજ મુજબ, આગામી દિવસોમાં આ બંને શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૫થી ૧૬ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે.

# હું વડાપ્રધાન પાસે ટિકિટ લેવા નહોતો ગયો, ચાહકો અમારી ટિકિટ : માયાભાઈ આહિરની સ્પષ્ટતા

વડોદરા,તા.૨૧

વડોદરામાં ભાદરવા ગામમાં યોજાયેલા ડાયરામાં માયાભાઈ આહીરે નિવેદન આપ્યું હતું અને પ્રધાનમંત્રી મોદી સાથે થયેલ મુલાકાત અંગે ખુલાસો કર્યો હતો કે, હું કોઈ પાસે ટિકિટ લેવા ગયો ન હતો. અમારી કલા સાથે અનેક ટિકિટોવાળા મિત્રો જોડાયેલા છે. અમારા ચાહકો અમારી ટિકિટ છે. તેમણે ટિકિટ મુદ્દે ચાલી રહેલી અફવાઓને નકારી હતી. ડાયરામાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. નિવેદન બાદ રાજકીય ચર્ચા ગરમાઈ હતી. આ કાર્યક્રમમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી ધારાસભ્ય સહિત અનેક આગેવાનો ઉપસ્થિત હતા. ભગુડામાં હાલ માંગલમાતાનો પાટોત્સવ ચાલી રહ્યો છે. જેમાં ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાયરામાં ગુજરાતનાં તમામ નામી અનામી ડાયરાના કલાકારો આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, માંગલધામ ટ્રસ્ટમાં માયા આહીર અગ્રણી છે. તેઓ જ પ્રતિવર્ષ ડાયરા તથા વિવિધ કર્મકાંડનું આયોજન કરાવે છે.

# વડોદરાના પાદરામાં સગીરાએ પ્રેમી સાથે મળી પિતાની કરી હત્યા

વડોદરા,તા.૨૧



ગુજરાતના વડોદરામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. વડોદરાના ગ્રામીણ વિસ્તાર પાદરામાં, ૧૭ વર્ષની છોકરીએ પહેલા તેના માતાપિતાને ડ્રગ્સ પીવડાવ્યું અને પછી તેના બોયફ્રેન્ડ પાસે તેના પિતાની હત્યા કરાવી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે પિતા તેની પુત્રીના પ્રેમ સંબંધનો વિરોધ કરતો હતો, જેના કારણે પુત્રીએ આ ભયાનક કાવતરું ઘડ્યું. પોલીસના જણાવ્યા અનુસાર, બોયફ્રેન્ડ અને તેના સાથીએ પુત્રીની સામે જ હત્યાને અંજામ આપ્યો હતો. તેમણે પિતાની છરીના ઘા મારીને હત્યા કરી હતી. આ ખુલાસાથી લોકોને આઘાત લાગ્યો છે. વડોદરા ગ્રામીણ પોલીસના જણાવ્યા અનુસાર, છોકરીએ તેના બોયફ્રેન્ડ સાથે મળીને પાદરા ગામમાં તેના પિતાની હત્યા કરવાની યોજના બનાવી હતી. તેઓએ પહેલા ૧૬ ડિસેમ્બરે તેના માતાપિતાને ડ્રગ્સ પીવડાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ૧૮ ડિસેમ્બરે તે સફળ થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ હત્યાનો મુખ્ય આરોપી રણજીત વાઘેલા (ઉ.વ.૨૫) છે.

# સુરતમાં ઘી-માખણમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી

સુરત,તા.૨૧

દિવસે દિવસે સુરતમાં ભેળસેળીયાઓની સંખ્યા વધી રહી છે ત્યારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગે આરોગ્ય સાથે ચેડા કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી છે. માહિતી અનુસાર ડેપ્યુટી કમિશનર અને ડેઝિગ્નેટેડ ઓફિસરની સૂચના પર કાર્યવાહી કરીને શહેરના વિવિધ ભાગોમાં ખાદ્ય અને પીણા ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન ફૂડ સેફટી અધિકારીઓએ ગયા મહિને માખણ અને ઘીના કુલ ૪૫ નમૂના એકત્રિત કર્યા હતા. આ નમૂનાઓ યોગ્ય વિશ્લેષણ માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જેને "સબ-સ્ટાન્ડર્ડ" જાહેર કરવામાં આવ્યા હતા. પરીક્ષણમાં નિષ્ફળ ગયેલા નમૂનાઓમાં ઉધના વિસ્તારમાં 'ગુજરાત ડેરી' અને 'ધનરાજ ડેરી'ના ઘીના નમૂનાઓનો સમાવેશ થાય છે. વધુમાં, વરાછા રોડ પર 'જનતા ડેરી ફાર્મ એન્ડ જનરલ સ્ટોર' અને પુણાગામમાં 'અમૃતધારા ડેરી એન્ડ સ્વીટ્સ'ના માખણના નમૂનાઓ પણ ગુણવત્તાના ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા હતા.



















